**સુવિચાર**
બધા પોતાનો હોદ્દો ઉંચો રાખવા મથામણ કરે છે. એટલે જ આજનો માનવી પૈસા કમાવવા લાલચી અને પથ્થરદિલ બની ગયો છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૮/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ શ્રાવણ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૧૭

## દેશનાં સરહદી વિસ્તાર લદ્દાખમાં કોંગી નેતાનો જબ્બરો આત્મ વિશ્વાસ

# કોંગ્રેસ આગામી તમામ ચૂંટણીમાં ભાજપને કરશે પરાજિત : રાહુલ ગાંધી

**રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીશગઢ અને તેલંગણામાં કોંગ્રેસ પક્ષ ભાજપને ચોકકસ પરાજિત કરી દેશે**

**આગામી લોકસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષ ગેરંટીથી ભાજપને પરાજિત કરશે**

**રાહુલ ગાંધીનાં આત્મ વિશ્વાસથી દેશનાં રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો**

**દેશનાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના-મોટા વેપારીઓ સહિત દેશની જનતા ભાજપને પરાજિત કરશે**



અમરેલી, તા. ૨૬
દેશનાં રાજકારણમાં આગામી ૨૫૦ દિવસ અતિ મહત્વનાં બની રહેવાનાં છે. જેમાં ગુજરાતનાં પડોશી રાજય રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ છત્તીશગઢ, તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં યોજાવાની હોય તેમજ આગામી એપ્રિલ–મે માં લોકસભાની ચૂંટણી યોજાવાની હોય સમગ્ર દેશવાસીઓની નજર મંડાયેલી છે.
દરમિયાન કોંગી નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ દેશનાં સરહદી વિસ્તાર લદાખ ખાતે એક જાહેરસભાને સંબોધતા ગેરંટી સાથે જણાવ્યું કે રાજસ્થાન, છત્તીશગઢ, મધ્યપ્રદેશ, તેલંગાણા વિધાનસભાની અને આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ભાજપને પરાજિત કરશે.
કોંગી નેતાનાં આત્મવિશ્વાસ ભરેલ નિવેદનથી દેશનાં રાજકારણનાં મીડિયા જગતમાં નવી ચર્ચા શરૂ થઈ છે કે કોંગી નેતા કયાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પુત્રનાં વાંકે માતાની પરેશાની વધી

## ચલાલામાં દીકરાએ લવમેરેજ કરી લેતા તેમની માતાને માર મારી ઈજા કરી

**અગાઉનાં કેસમાં જામીન રદ કરવાની ધમકી આપી**

અમરેલી, તા. ૨૬
ચલાલા ગામે દાનેવ સોસાયટીમાં રહેતા મીનાબેન નારણભાઈ ખેતરીયા નામનાં મહિલાનાં નાના દીકરા હાર્દિકે મે માસ પહેલા ચલાલા ગામે રહેતા આરોપીનાં ભાઈની દીકરી સાથે પ્રેમલગ્ન કરેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપી વિપુલભાઈ ઉર્ફે દાઉદભાઈ દાફડા તથા મધુભાઈ જીવાભાઈ દાફડા સહિત ૪ લોકોએ મહિલાને કપાળનાં ભાગે લોખંડનો પાઈપ મારી ઈજા કરી તથા અગાઉનાં કેસમાં જામીન રદ કરાવવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### તમામ તપાસનાં અંતે ગુન્હો નોંધાયો

## ખાંભાનાં ડેડાણ ગામે ૨ વર્ષ પહેલા ઝડપાયેલ શંકાસ્પદ અનાજનાં જથ્થાની ફરિયાદ નોંધાઈ

**મામલતદાર દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી**

અમરેલી, તા. ૨૬
ખાંભાનાં મામલતદારે ગત તા. ૨૦/૯/૨૨નાં રોજ ખાંભા તાલુકાનાં ડેડાણ ગામે પટેલપરા વિસ્તારમાં આવેલ એક દુકાનમાં અનાજનો જથ્થો અનઅધિકૃત રીતે સંગ્રહ કરવામાં આવતો હોવાની બાતમી મળતા નાયબ મામલતદાર અને રેવન્યુ તલાટીને સાથે રાખી ટીમ બનાવી તા. ૨૦/૯/૨૨ નાં રોજ સ્થળ તપાસ કરતા દુકાન બંધ હોવાથી શટરને સીલ લગાવી ત્યારબાદ સદરહું દુકાનની માલીકી અંગે ખરાઈ કરતા સદરહું દુકાન લાલજીભાઈ ભગવાનભાઈ મકવાણા(ગોડાઉન માલીક)ની માલીકીનું હોવાનું ધ્યાને આવેલ તથા અલાઉદીનભાઈ રહેમાનભાઈ ખોખર(જથ્થા માલીક)એ સદરહું બંધ દુકાનમાં રહેલ ઘઉં ચોખાનો રહેલ જથ્થો તેઓની માલીકીનું હોવાનું જણાવેલ. જે જાણ થતાં મામલતદાર ટીમ દ્વારા તા. ૪/૧૦/૨૨નાં રોજ સદરહું વિસ્તારમાં આવેલ દુકાનમાં લગાવેલ સીલ પંચોની હાજરીમાં ખોલી પંચોને સાથે રાખી તપાસણી કરતા ગોડાઉનમાં રહેલ જથ્થાની કાયદેસરતા અંગે ખરાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જુના પુલનું રીનોવેશન કરવાની માંગ ઉભી થઈ

## જાફરાબાદનાં શહેરીજનો માટે અતિ મહત્વનાં ગણાતાં જુના પુલને બંધ કરી દેવાતા નારાજગીનો માહોલ

**વિદ્યાર્થીઓ, ટુ-વ્હીલર ચાલકો વૃદ્ધોનાં હિતમાં જુના પુલનું રીનોવેશન કરવા માંગ**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ


જાફરાબાદ, તા. ૨૬
જાફરાબાદ ખાતે આવેલ દરીયાઈ ખાડી ઉપરનો બ્રિજ ( પુલ) જે અંદાજીત ૬૦, વર્ષે પહેલાનો બનાવવામા આવેલ આ પુલ રાજુલા જાફરાબાદને જોડતો પુલ છે. જે પુલ ભયગ્રસ્ત હાલમાં હોય તેમજ આ બ્રિજને રિપેરિગની અને રિનોવેશનની તાતી જરૂરિયાત હોય તે માટે ની રજૂઆત જાહેર બાંધકામ ખાતુ (પી.ડબલ્યુ.ડી.) તથા ઉચ્ચ કક્ષાએ અગાઉ રજૂઆત પણ કરેલ હોય પરંતુ જાહેર બાંધકામ અધિકારીઓ દ્વારા જુના પુલની કરેલ રજુઆતનો કોઈ પણ જવાબ દેવામાં નથી આવતો. ઘણી વખત નવા પુલ ઉપર ગંભીર અકસ્માત થયા હતા ને હાલમાં પણ અકસ્માતો થતા હોય પરંતુ (પી.ડબલ્યુ.ડી.) ગંભીરતા લેતું નથી જુના બ્રિજને ચાલુ કરવામાં આવેતો થતા અકસ્માતોમાં ઘટાડો થાય તેમ છે. જર્જરીત જુના પુલની મરામત કરવામાં આવતી નથી જો આ પુલની તાત્કાલિક મરામત કરવામાં આવે તો તેની આવરદા વધી શકે તેમ છે.પરંતુ આ બાબતને લક્ષ્યમાં નહી લઈને આ પુલની બન્ને બાજુથી પત્રા મારીને નાગરિકોની તથા વિદ્યાર્થીઓ તથા મોટર સાયકલની અવર જવર બંધ કરી દેવામાં આવી છે. જેથી નાગરિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અત્રે યાદ આપવું જરૂરી છે. કે આ પુલની બાજુમાં જે નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે. તે બ્રિજ ઉપરથી જુનો પુલ બંધ કરવાથી ટ્રાફિકનુ પ્રમાણ જેવા કે

**અનુસંધાન પાના ૬ ઉપર**

**સ્ટાફ જોઇએ છે**
દાંતના દવાખાના માટે
ડેન્ટલ આસીસ્ટન્ટ (અનુભવી)
મળવાનો સમય : સવારે ૯ થી ૧
સાંજે : ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન (૦૨૭૯૨) ૨૩૦૩૦૦
મો. ૭૦૧૬૮૩૭૧૩૭

**ડૉ. વિવેક જોષી** M.B.D.P.M. FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ
તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮


સાંભળવામાં તકલીફ વાત સમજવામાં તકલીફ
કાનમાં તમરા બોલવા કાનની નસ સુકાય તો...
હવે, કાનની બહેરાશ માટેનું નિદાન સચોટ અને વ્યાજબી કિંમતમાં



- કાનની બહેરાશની તપાસ
- નાના બાળકોમાં કાનની તકલીફની તપાસ
- આધુનિક કાનના મશીનો વ્યાજબી કિંમતમાં
- અદ્યતન કમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપી
- કવોલીફાઈડ ઓડિયોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન

શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની તપાસ
- વડીલો માટે કાનના આધુનિક મશીનમાં વિશેષ છૂટ
કોકલીયર ઈમ્પ્લાન્ટ : ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન, મેપિંગ, સ્પીચ થેરાપી તથા મશીન રીપેરીંગની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, જ્યુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

### વેરાવળના પ્રાંત અધિકારીએ ચેકિંગ કરેલ

# ઉના : સૂત્રાપાડાનાં ટીંબડી ગામેથી ઝડપાયેલ શંકાસ્પદ જથ્થાનાં કેસમાં આરોપીની અટકાયત

## પ્રકરણમાં આગામી દિવસોમાં કડાડા–ભડાકાનાં એંધાણ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના ટીંબડી ગામે આવેલ ભાગ્યલક્ષ્મી સિડ્સ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાંથી થોડા દિવસો અગાઉ ઝડપાયેલ સરકારી અનાજના જથ્થા મામલે પોલીસે કારખાનાના સંચાલક સહિત બે શખ્સોની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા બન્ને આરોપીઓને રિમાન્ડ ઉપર સોપેલ છે. એક તરફ સરકારી અનાજ બારોબાર વેચી મારવાના સામે આવેલા આ કૌંભાડમાં આગામી દિવસોમાં ચોકાવનારા ખુલાસા થવાની સાથે રાજકીય ઓથ ધરાવતા શખ્સોની સંડોવણી સામે આવવાની સાથે ધરપકડ થવાના ભણકારા વાગી રહ્યા છે તો બીજી તરફ આ સમગ્ર કૌંભાડ ઉપર પાણી ફેરવી દેવા જીલ્લાના મોટા રાજકીય માથાઓ પણ તપાસમાં રોડા ઉભા કરવા સક્રીય થયાની ચર્ચાએ જોર પકડયું છે.

ગીર સોમનાથ જિલ્લામાં ગરીબોને આપવાનું સરકારી અનાજને સગેવગે કરી સુયોજીત રીતે બારોબાર વેચી મારવાના કૌંભાડનો થોડા દીવસો અગાઉ વેરાવળના પ્રાંત અધિકારી કે.વી. બાટી એ પર્દાફાશ કરી સુત્રાપાડા તાલુકાના ટીંબડી ગામે પીખોર રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી સિડ્સ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાના પર ટિમ મારફતે દરોડો પાડતા ત્યાં પડેલ રેશનીંગના અનાજનો જથ્થો જોઈ અધિકારીઓ પણ ચોકી ઉઠયા હતા અને કારખાનામાંથી સરકારી માર્કા અને સીલાય વાળા ઘઉ, ચોખા, ચણા અને સોયાબીનના કુલ ૬૯૩ (૫૦ કીલો)ના બાચકાઓમાં રહેલ ૩૪,૬૫૦ કિલો અનાજનો જથ્થો મળી આવતા સીઝ કરવામાં આવેલ હતો અને સ્થળ ઉપરથી ટ્રેકટર, ટ્રોલી અને બોલેરો પીકઅપ વાહન મળી આવેલ હતા.

આ સમગ્ર કૌંભાડ અંગે તપાસના અંતે સુત્રાપાડા મામલતદાર પરેશભાઈ કરગઠિયાએ ભાગ્યલક્ષ્મી સિડ્સ કારખાનાના સંચાલક મુકેશ લાખા ઝાલા તેમજ તપાસમાં જે ખુલે તેવા આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવેલ કે, સરકારના એન.એફ.એસ. અંતર્ગત લોકોને ફાળવવામાં આવતા અનાજનો જથ્થો સરકારી સીલાઈ વાળો ઘઉ ૪ હજાર કીલો કીં. રૂા. ૧.૦૮ લાખ, ચોખા ૩૮૫૦ કીલો કીં. રૂા. ૧.૭ લાખ, ચણા ૯૦૦ કીલો કીં. રૂા. ૬૩ હજાર, મળી કુલ જથ્થો ૮૭૫૦ કીલો કીં.રૂા. ૨.૭૮ લાખ તથા હાથ સીલાઈ વાળો ઘઉ, ચોખા, ચણા, કુલ જથ્થો ૨૨૪૦૦ કીલો કીં.રૂા.૬.૨૪ લાખ ગેરકાયદેસર રીતે વેચાણ કરવાના હેતુ માટે સગ્રહ કરેલ અને આ જથ્થાની હેરાફેરી અંગેના કોઈ બીલ ન રાખી સ્ટોક અને ભાવ યાદી પ્રદર્શીત ન કર્યા હોવાનો ગુન્હો કરેલ હતો.

આ મામલે સુત્રાપાડા પોલીસે તપાસ હાથ ધરી ગઈકાલે મુખ્ય આરોપી કારખાનાનો સંચાલક મુકેશ લાખાભાઈ ઝાલા ઉ.વ.૩૩ તેમજ પ્રાસલી ગામના હરેશ ઉર્ફે હિતેશ ગીગાભાઈ બારડ ઉ.વ.૨૨ ની ધરપકડ કરી સુત્રાપાડા કોર્ટમાં રજૂ કરતા બન્ને આરોપીના એક દિવસના રિમાન્ડ ઉપર સોંપેલ હતા.

આ મામલાની તપાસમાં આરોપી મુકેશ ઝાલાએ પોતાના કારખાનામાંથી મળી આવેલ સરકારી અનાજનો જથ્થો વેરાવળ ગોડાઉનના પ્રતિનિધિ પ્રદીપ નામના ઈસમે મોકલાવેલ હોવાનું જણાવેલ છે જેને લઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


આ અંગે તપાસનીશ અધિકારી પી.એસ.આઈ. નાનજીભાઈ વાઘેલા એ જણાવેલ કે, પકડાયેલા બન્ને આરોપીઓની રીમાન્ડ દરમ્યાન આ કૌંભાડમાં સંડોવાયેલા અનેક લોકોની ભુમિકા સામે આવી છે જેની ખરાઈ સાથે ધરપકડ કરવા તપાસ હાથ ધરવામાં આવી છે. આ સરકારી અનાજનો જથ્થો ભાગ્યલક્ષ્મી કારખાના સુધી પહોંચાડનાર ટ્રેકટરનો ચાલક ફરાર હોય જેની ધરપકડ કરવા ત્રણેક સ્થળોએ તપાસ કરવામાં આવી છે પરંતુ તે મળી આવેલ નથી. આ કૌંભાડમાં ટ્રેકટર ચાલક પકડાયા બાદ વધુ લોકોની ભુમિકા સ્પષ્ટ થવાની સંભાવના વર્તાઈ રહી છે.

અત્રે નોંધનીય છે કે, જીલ્લામાં ગરીબોને આપવાનું અનાજ બારોબાર વેચી મારી પૈસા કમાવવાનું કૌંભાડ ઘણા સમયથી ચાલી રહ્યું હોવાની ચર્ચાઓ થઈ રહી હતી.

દરમ્યાન સામે આવેલા આ કૌંભાડમાં રાજકીય વગ ધરાવતા લોકો પરોક્ષ રીતે સામેલ હોવાથી કૌંભાડ ઉપર પડદો પાડી દેવા દરોડાના દિવસથી જ તપાસનીશ અધિકારીઓ ઉપર રાજકીય દબાણ લઈ આવવા જીલ્લાના નેતાઓ મેદાનમાં આવી ગયા હતા. ત્યારે તપાસનીશ અધિકારીએ પ્રામાણીકતા દાખવી દબાણને વશ થયા વગર તટસ્થ તપાસ આગળ વધારી બે આરોપીને પકડતા કૌંભાડમાં અનેક લોકો સંડોવાયેલા હોવાની પ્રાથમીક હકીકતો સામે આવી રહી છે.

જેને દાબી દેવા માટે સત્તાધારી પક્ષના નેતાઓએ ધમપછાડા શરૂ કર્યા હોવાની ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે આ કૌંભાડમાં આગામી દિવસોમાં અનેક ચોકાવનારા ખુલાસાઓ સાથે માથાઓની સંડોવણી સામે આવવાની પ્રબળ શકયતાઓ જાણકારોમાં ચર્ચાઈ રહી છે.

# રાજુલા : રામપરા– ગામેથી જુગાર રમતા બે પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે દારૂ તથા જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ રેઈડો કરવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા આપેલ માર્ગદર્શન આધારે મરીન પિપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એ.આર. છોવાળા તથા મરીન પિપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ ધ્વારા ચોકકસ બાતમી આધારે રામપરા ગામે જાહેરમાં જુગાર રમતા જીવણાભાઈ ટપુભાઈ રામ તથા રૂખડભાઈ રામભાઈ પટાટ રહે. બંને રામપરા–૨ (તા. રાજુલા) બે ઈસમોને રોકડા રૂા. ૧૩,૭૧૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### બાબરા નજીક આવેલ

# ઈશ્વરીયા ગામે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા ૫ ઝડપાયા

## પોલીસે રૂા. ૧૦,૩૩૦ની મત્તા કબ્જે લીધી

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાનાં ઈશ્વરીયા ગામે રહેતા હકુભાઈ ટપુભાઈ નાવડીયા સહિત પણ ઈસમો ઈશ્વરીયા ગામે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે બાબરા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૦,૩૩૦ની મતા સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# બાબરાનાં રહેણાંક મકાનમાં ચોરી કરનાર બાળ કિશોરની અટકાયત

## ટેકનીકલ સોર્સનાં આધારે બાળ કિશોર હાથ આવ્યો

બાબરા, તા.૨૬

બાબરા ગામે રહેતા સંદીપભાઈ ધોધાભાઈ સીતાપરાનાં રહેણાંક મકાનમાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ રોકડા રૂપિયા તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયેલા હોય, જે અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાયેલ હોય, ત્યારે એલ.સી.બી. ટીમ આજે બાબરા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે બાબરા, સામુહીક આરોગ્ય કેન્દ્ર પાસેથી એક બાળ કિશોરને ચોરીનાં મોબાઈલ ફોન સાથે પકડી પાડી, તેમનાં વાલી રૂબરૂ મજકુર બાળ કિશોરની મોબાઈલ ફોન અંગે પુછ પરછ કરી, ટેકનીકલ રીતે ખરાઈ કરતા, મળી આવેલ મોબાઈલ ફોન બાબરા ટાઉનમાં, પરવાડીયા શેરીમાં રહેણાંક મકાનમાંથી ચોરી કરેલ હોવાનું જણાય આવતા, ચોરીનો મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા ઝડપાયેલા બાળ કિશોરને બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### રાજુલા નજીક આવેલ

# ડુંગર ગામે ગાળો બોલવાની ના પાડતાં પિત્રાઈ ભાઈ ઉપર બે શખ્સોનો હુમલો

## પાઈપ, કુહાડી જેવા હથિયારો વડે કરાયો હતો હુમલો

અમરેલી, તા. ૨૬

રાજુલા તાલુકાનાં ડુંગર ગામ રહેતા અને ખેતી કામ કરતા વિનોદભાઈ ઉર્ફે રઘુભાઈ ભોપાભાઈ હડીયા નામનાં ૪૫ વર્ષિય આધેડ ખેડૂતને તેમના પિત્રાઈ ભાઈ બુધાભાઈ બચુભાઈ હડીયાએ કહેલ કે તું મારી વાડીમાં રોઝડા કેમ હાંકી કાઢે છે. તેમ કહી ગાળો આપી આરોપી ભરતભાઈ બચુભાઈ હડીયાએ આધેડ ખેડૂતને લોખંડનાં પાઈપ વડે માર મારી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### એસ.ટી. તંત્રની સેવામાં જડમૂળમાંથી ફેરફાર જરૂરી

# સાવરકુંડલાનાં મુસાફરને એસ.ટી. વિભાગની ઓનલાઈન બુકિંગ સેવાનો થયો કડવો અનુભવ

## મેનેજરે પણ મુસાફરનો ફોન લેવાની તકલીફ ન લીધી

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાનાં મેહુલભાઈ અગ્રાવતે એસ.ટી. બસનું સાવરકુંડલાથી સુરતનું ડબલની સીટનું બુકીંગ કરાવેલ અને બસ આવેલ ત્યારે જે ઓનલાઈન બુકીંગ ચાર્ટમાં જે સીટ બતાવતા હતા એ વાસ્તવમાં બસમાં સીટ અલગ જગ્યા ઉપર હતી. કંડકટરને કહેતા એવું કીધું કે બસ બીજી આપી છે. જે બુકીંગમાં ઓનલાઈન બતાવે છે તે બસ મળેલ નથી. એટલે હવે તમારે ડબલની સીટમાં બેસવું હોય તો છેલ્લે સીટ મળ`. હવે સવાલ એ છે કે, તો અગાઉ ઓન લાઈન બુકીંગ કરાવવાનો ફાયદો શું....!! ઓનલાઈનમાં ગુર્જર નગરી બસ દેખાડી હતી થઈ અને આવી સાદી બસ.

બસ સમયસર પણ આવેલ ન હતી. લેઈટ આવેલ હતી અને જો બુકીંગ કરેલ મુસાફરને (૨) બે મિનિટનું પણ પહોંચવામાં મોડું થયું હોય તો બસ ઉપડી ગઈ હોય અને ડેપોમાંથી મોડી ઉપડે તો કોઈ સવાલ નહિ કરવાનો તંત્ર ને ઘટના સમયે જ ડેપો મેનેજર સાહેબને ૨ વખત કોલ કરેલ પણ કોલ રિસીવ કરેલ ન હતો. ત્યારબાદ વોટ્સએપ દ્વારા મેસેજ કરીને મેં રજૂઆત કરેલ હતી. ટેકનોલોજી તો અપનાવી લીધી પણ જમીન ઉપર વાસ્તવિકતામાં અમલ કરાવી શકતા નથી.

### સાંસદ કાછડીયાની મુખ્યમંત્રીને રજૂઆત

# લાઠી અને બાબરાનાં સરકારી દવાખાનાની સુવિધામાં વધારો કરો

## ગરીબ દર્દીઓનાં હિતમાં નિર્ણય કરવા માંગ



અમરેલી, તા. ૨૬

અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાએ લાઠી અને બાબરા શહેર ખાતે કાર્યરત સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધામાં વધારો થાય તે હેતુથી તા. ૨૧/૮/૨૩ ના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ અને ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજીને લેખીત રજુઆત કરેલ છે.

સાંસદે કરેલ રજુઆત મુજબ લાઠી તાલુકા મથકે આવેલ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલનું બિલ્ડીંગ ૭૩ વર્ષ જુનું અને અતિ જર્જરીત હાલતમાં હોવાથી સારવાર અર્થે આવનાર દર્દીઓને મુશ્કેલીઓ પડી રહી હોવાથી લાઠી ખાતે કાર્યરત સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલનું નવું બિલ્ડીંગ મંજુર કરવા તેમજ બાબરા શહેર અને તાલુકાનાં લોકો/દર્દીઓને તાલુકા મથકે પુરતી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે બાબરા શહેર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સિવિલ હોસ્પિટલનો દરજજો આપવા બાબતે આગામી બજેટ જોગવાઈ કરવા સાંસદે મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ અને સંગઠન મહામંત્રીને બેઠક દરમ્યાન લેખીતમાં રજુઆત કરેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

# પાંચતલાવડા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી



પાંચતલાવડા, તા. ૨૬

પાંચતલાવડા સેવા સહકારી મંડળી લિ. ની વાર્ષિક સાધારણ સભા સુરેશભાઈ ખુમાણનાં પ્રમુખસ્થાને મળી, ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ મૃતકોને શ્રધ્ધાંજલી અપાઇ, મંત્રી જયદિપભાઈએ વાર્ષિક હિસાબો રજુ કર્યા, ચોખ્ખા નફામાંથી સભાસદોને ૧૦ ટકા ડિવીડન્ડ તેમજ ભેટ આપવાની જાહેરાત કરાઈ. સભામાં ઉપસ્થિત સ્થાનિક શાખાનાં બ્રાન્ચ મેનેજર કૌશિકભાઈ દેવલોકે બેંકની વિવિધ યોજનાની તેમજ પ્રમુખ સુરેશભાઈએ મંડળની પ્રગતિની માહિતી આપતા પ્રાસંગિક પ્રવચનો કર્યા.

ખારા મંડળીનાં પ્રમુખ વાસુરભાઈ ગરણીયા ઉપરાંત મંડળી સાથે જોડાયેલ કલ્યાણપર, નાના કણકોટ, નાના રાજકોટ સહિતનાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યાં હતાં, સભા બાદ ભોજનની વ્યવસ્થા રખાઈ હતી.

# અમરેલી ખાતે તળપદા કોળી સમાજનો યોજાઈ ગયેલ વેવિશાળ પરિચય સમારંભ



અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે મહિલા તળ પદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજનો તા. ૨૦/૮/૨૦૨૩નાં રોજ તળપદા કોળી સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોઉત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ યોજાઈ ગયેલ.

આ સમારંભનાં પ્રમુખ હિરેનભાઈ બી.ડાભી ગોંડાલા ગુજરાત કોળી સમાજ અગ્રણી સમારંભનું ઉદઘાટન પુજય લલીતભાઈ બાપુ બાળ હનુમાન મંદિર ચંદુભાઈ આહિર ટ્રસ્ટી બાળ હનુમાન મંદિર, રવજીભાઈ એન.મકવાણા ચિતલ, અજયભાઈ ડાભી ગોંડલ કનુભાઈ જોળીયા મહુવા, અરવિંદભાઈ સાંકરીયા અમરેલી, જીતુભાઈા જાદવ, ચૌહાણભાઈ વૈશાલી પાન ઉપસ્થિત રહયા હત.ા તળપદા કોળી સમાજનાં વેવિશાળ સમારંભને સફળ બનાવવા મંડળના પ્રમુખ શ્રીમતી આરતીબેન ગોહીલ, પરશોતમભાઈ એન.મકવાણા, રમેશભાઈ આર.ડાભી, વિપુલભાઈ ડી.પરમાર, ભીખુભાઈ પી.મકવાણા, ભાવેશભાઈ જી. વાઘેલા, શ્રીમતી ઉષાબેન પરમાર સાવરકુંડલાએ જહેમત ઉઠાવેલ હતી.

### જિલ્લા કલેટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને

# અમરેલી જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ

અમરેલી તા. ૨૬

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ હતી.બેઠકમાં રૂટીન ઈમ્યુનાઈઝેશન કામગીરી સમીક્ષા, મિઝલ્સ એન્ડ રૂબેલા એલિમિનેશન કામગીરી સમીક્ષા,વી.પી.ડી સર્વેલન્સ અને મિશન ઈન્દ્રધનુષ અતર્ગત રસીકરણની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. એમ.આર.કવરેજ અંતર્ગત બગસરા તાલુકા આરોગ્ય કચેરીની કામગીરીની સફળતા વિશે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર દહિયાએ રસીકરણની બાકી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી, તમામ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર, નગરપાલિકા ચીફ ઓફિસરઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલા ખાતે સાળંગપુર હનુમાનજી મંદિરનાં રથનું સ્વાગત થયું



સાળંગપુર હનુમાનજી મંદિરનાં ૧૭૫ વર્ષ પુરા થવા જઈ રહ્યાં હોય તે અનુસંધાન સાવરકુંડલામાં કષ્ટભંજન દેવનો રથ આવી પહોચ્યો હોય જેનું ભવ્ય સ્વાગત રિધ્ધિ સિધ્ધિ ચોક મંદિરમાં કરવામાં આવ્યું હતું અને કયાંથી આ રથ સાવરકુંડલા શહેરનાં મુખ્ય વિસ્તારોમાં ફર્યો હતો. લોકોએ ઠેર–ઠેર દર્શન કર્યા આરતી ઉતારી અને મુખ્ય ઉદ્દેશ અને સંદેશ એ હતો કે કષ્ટભંજન દેવ મંદિરને ૧૭૫ વર્ષ પુરા થતાં હોય તેમની ભવ્ય ઉજવણીનું જાહેર આમંત્રણ આપવા ખુદ હનુમાનજી રથમાં બેસીને ગામડે ગામડે અને શેરીએ શેરીએ જઈ નિમંત્રિત કરી રહ્યાં હોય તે પ્રકારનું વાતાવરણ જોવા મળ્યું હતું.

## રાજયની ત્રણ કરોડ ગરીબ જનતા ભલેને ઘરના ગુજરાન માટે સંઘર્ષ કરતી હોય

# ભાજપ સરકારમાં રૂપિયા ૩,૯૦૦ કરોડનો ભયમુક્ત ભ્રષ્ટાચાર

### અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ કંપનીને રૂપિયા ૩૯૦૦ કરોડ જેવી વધારે રકમ છેલ્લા પાંચ વર્ષમાં ચુકવી દીધી

### હિન્ડનબર્ગનો રીપોર્ટ આવ્યો, સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિની રચના કરતાં મોડે મોડે અધિકારીઓ જાગ્યા

### અદાણી કંપની પાસેથી વ્યાજ સહિતની રકમ પરત ક્યારે મળશે તેનો ખુલાશો કરવા માંગ

### પ્રદેશ કોંગી પ્રમુખ શક્તિસિંહ ગોહિલે દિલ્હી ખાતે પત્રકાર પરિષદમાં ગંભીર આક્ષેપો કર્યા

અમદાવાદ, તા. ૨૬

ભાજપ સરકાર દ્વારા રૂા. ૩,૯૦૦ કરોડના ભ્રષ્ટાચારના દસ્તાવેજી પુરાવાઓ સાથે પત્રકાર પરિષદમાં પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભયમુકત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. માનીતા ઉદ્યોગપતિઓને માલામાલ કરવા માટે ગુજરાતની જનતાની તિજોરીની ખુલ્લી લૂંટ ભાજપના શાસનમાં ચાલી રહી છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા વીજળી ખરીદી માટે પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (PPA) અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ સાથે કરવામાં આવ્યો



હતો. આ પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ મુજબ જે એનર્જી ચાર્જીસ એટલે કોલસાની ખરીદીની કિંમત પર અદાણી પાવર મુન્દ્રા લિમિટેડને પૈસા આપવા માટેની સ્કીમ બની હતી તે મુજબ અદાણી પાવર દ્વારા ખરીદાયેલા કોલસાના બીલો સ્પર્ધાત્મક રીતે ખરીદ્યા છે તેના ડોકયુમેન્ટ્સ અને પારદર્શિતા દર્શાવતા તમામ પેપર રજુ કરવામાં આવે અને ત્યારબાદ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેની ચકાસણી કરે અને તેની સરખામણી ARGUS (કોલસાનો આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ નક્કી કરતી સંસ્થા)નો જે ભાવ હોય તેની સરખામણી બાદ જો અદાણીએ ખરીદેલ કોલસો ઓછી કિંમતનો હોય તો તેને ધ્યાને લેવાનું અને જો ARGUSના ભાવ ઓછા હોય તો તેને ધ્યાને લઈને જ અદાણીને પૈસા મળે એવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં વર્ષ ૨૦૧૮ થી લઈ વર્ષ ૨૦૨૩ સુધીના પાંચ વર્ષના ગાળા દરમિયાન અદાણીને રૂા. ૧૩,૮૦૨ કરોડ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા, જયારે ખરેખર અદાણીને મળવાપાત્ર રૂા. ૯,૯૦૨ કરોડ જ થતા હતા, એટલે રૂા. ૩,૯૦૦ કરોડ વધારે અદાણીને ચૂકવી દેવામાં આવ્યા. જયારે હિન્ડનબર્ગનો રિપોર્ટ આવ્યો, સુપ્રીમ કોર્ટ તપાસની કમિટી બનાવતી હતી અને સેબીની ઈન્કવાયરી શરૂ થવામાં હતી તેમજ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (JPC) પણ વિરોધ પક્ષે માંગી ત્યારે અધિકારીઓએ આ મોટા ભ્રષ્ટાચારમાં પોતાને તકલીફ ન ઊભી થાય તે માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે અદાણી પાવર મુન્દ્ર લિમિટેડને પત્ર લખીને કહ્યું કે, વારંવાર માંગણી કરવા છતાં અદાણી પાવર દ્વારા ખરીદાયેલ કોલસાના બિલો આપવામાં આવતા નથી, સ્પર્ધાત્મક ભાવ અંગેના કે પારદર્શિતા અંગેના ડોકયુમેન્ટ્સ આપવામાં આવતા નથી અને માત્ર ચોક્કસ લોકો પાસેથી ઊંચા ભાવે કોલસો ખરીદ્યાની વાત કરીને રૂા. ૧૩,૮૦૨ કરોડ સરકાર પાસેથી લીધા છે.

કરાર મુજબ ARGUSના ભાવ ધ્યાને લેતા અદાણીને ખરેખર વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩ સુધીમાં મળવાપાત્ર રૂા. ૯,૯૦૨ કરોડ જ થાય છે, એટલે કે રૂા. ૩,૯૦૦ કરોડ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે અદાણીને વધારે ચૂકવી દીધા છે અને તે પરત આપી દેવા પત્ર લખી નાંખ્યો. હકીકતમાં આ એક મોટું કૌભાંડ ચાલતું હતું અને જયારે તપાસ થશે તેવી બીક લાગી ત્યારે માત્ર પત્ર લખી નાખવામાં આવ્યો છે. આ રીતે ચૂકવાયેલ નાણાંનો બોજ આખરે ગુજરાતમાં વીજળીનો ઉપયોગ કરનારા ગુજરાતીઓના માથે ઝીંકાયો છે. માનીતા ઉદ્યોગપતિઓને માલામાલ કરવા માટે ગુજરાતીઓને મોંઘી વીજળી ખરીદવી પડે તેવો ઘાટ ભાજપ સરકારે ઉભો કર્યો છે. વગર બિલો મેળવ્યે અને ARGUSના ભાવ કરતાં વધારે રકમ કોના કહેવાથી ચૂકવી આપવામાં આવી ? રૂા. ૩,૯૦૦ કરોડ વધારે ચૂકવી દીધા તેનું વ્યાજ અદાણી પાસેથી વસુલ કરવાનું શા માટે નથી લખાયું ? આ એક પ્રકારનું મની લોન્ડરીંગ છે ત્યારે ઈ.ડી., સી.બી.આઈ. અને સેબી કેસ દાખલ કરીને કેમ તપાસ કરતી નથી ? પાંચ વર્ષ સુધી કોઈપણ જાતના બિલો વગર કોના કહેવાથી અદાણીને કરોડો રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા ? અત્યાર સુધીમાં અદાણી પાસેથી કેટલા રૂપિયા વસૂલ કરવામાં આવ્યા ? ૩૯૦૦ કરોડના ભયમુકત ભ્રષ્ટાચારમાં કોણ કોણ સામેલ છે ? અને કોના કહેવાથી આટલી મોટી રકમ મળતીયા કંપનીને આપી દેવામાં આવી આ તમામ સવાલો અંગે તે અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

#### વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત

## સાવરકુંડલાનાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં દર્દીનારાયણની પ્રેરણાદાયી સેવા

### તમામ પ્રકારનું નિદાન, સારવાર, ઓપરેશન નિઃશુલ્ક



સાવરકુંડલા, તા. ૨૬

હજુ એક અઠવાડિયા પહેલાની જ ઘટના છે. સાવરકુંડલા શહેરમાં આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે આ આરોગ્ય મંદિરના બીજા માળે આવેલ વોર્ડમાં સિનિયર પત્રકાર બિપીનભાઈ પાંધીને જવાનું થયું ત્યાંનાં વોર્ડમાં એક વીશ વર્ષનો નવયુવાન ડાયાબિટીસ સંદર્ભે સારવાર લેતો જોવા મળેલ. તેમની સાથે આવેલ તેમના માતા-પિતાને પૂછતાં જાણવા મળ્યું કે પોતાનો પુત્ર છેલ્લા સત્તર વર્ષથી આ ડાયાબિટીસ નામની બિમારીથી પિડાઈ રહ્યો છે. માતા પિતાની નજર સામે પુત્રની આ વેદના સહન કરવી એનાથી મોટું દુખ શું હોય શકે ? માતા-પિતા પણ ગરીબ અને સામાન્ય પરિવારના હોય આર્થિક સંકડામણ પણ હોય તે સ્વાભાવિક છે. પરંતુ દિકરાના હિતાર્થે પોતાનું આ દુઃખ ભૂલી તનતોડ મહેનત કરી દિકરાની સારવાર કરાવતા હતા અને તેમના જણાવ્યા મુજબ એક મહિનામાં રૂપિયા ચારેક હજાર તબીબી સારવાર અર્થે ખર્ચવા પડતા હતાં. મૂળ આ પરિવાર ઉનાનો પણ છેલ્લા દોઢેક વર્ષથી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનું નામ સાંભળી અહીંની હોસ્પિટલમાં સારવાર કરાવે છે. જો કે આ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે તો તમામ તબીબી સારવાર, દવા લેબોરેટરી ટેસ્ટ ભોજન વગેરે નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવે છે. એટલે છેલ્લા દોઢ વર્ષથી આ પરિવારને પોતાના પુત્રની સારવાર અર્થે અહીં આવતાં હોય આર્થિક રીતે બોજ નથી પડતો કારણ કે અહીં તમામ વ્યવસ્થા નિઃશુલ્ક છે. એમના જ મુખમાંથી જે શબ્દો સરી પડયા હતા તે એ હતાં. હે, ભગવાન !! આ આરોગ્ય મંદિરના તબીબ, પેરામેડિકલ સ્ટાફ ટ્રસ્ટી મંડળ. અને આ હોસ્પિટલમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પણ મદદરૂપ થતાં તમામનું ઈશ્વર સદાય ભલું કરે. વાત વિગતે કરીએ તો દર્દીનું નામ સાગરગીરી રમેશગીરી, ગામ ઉના, ઉંમર વર્ષ ૨૦, છેલ્લા સત્તર વર્ષથી ડાયાબિટીસ નામની બિમારીથી પીડાય છે. તેમના પિતાજી રમેશગીરી કડિયા કામ કરે છે. ઘણી વખત કામ મળે અને ન પણ મળે. રમેશગીરી ખુદ પણ હૃદયને લગતી સમસ્યાઓથી પીડાતા હોવાથી હૃદયના વાલ્વનું ઓપરેશન કોઈ ખાનગી હોસ્પિટલમાં કરાવેવ હતું જેમાં પણ ઘણો ખર્ચ થયો હતો તેમ તેમણે જણાવ્યું હતું. તો વળી પરિવારમાં બે દિકરા પોતે પત્ની તથા તેમના માતુ સાથે ઘરનું ગુજરાન ચલાવવું આ કપરા સમયમાં ખૂબ મુશ્કેલ બની જાય છે. તેમનો ફોન નંબર ૭૦૬૦૬ ૧૦૩૧૦ છે. સાગરગીરી જેવાં અનેક દર્દીઓ માટે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સંજીવની સમાન છે. આ હોસ્પિટલમાં તબીબ તરીકે સેવા આપતાં ડો. વાણીયા તેમજ અન્ય તબીબી ટીમ દર્દીઓની સંભાળ ખૂબ જ કાળજીપૂર્વક લેતાં જોવા મળે છે. આ હોસ્પિટલમાંથી હજારોની સંખ્યામાં દર્દીઓ સાજા થઈને હસ્તે મુખે પોતાના ઘરે વિદાય થતાં જોવા મળ્યાં છે. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ પ્રકાશભાઈ કટારીયા, સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક સમેત તમામ ટ્રસ્ટીગણ પૂ. મોરારી બાપુની નિશ્રામાં હોસ્પિટલની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

---

## રાજુલાનાં યુવા પત્રકારનો આજે જન્મ દિવસ

રાજુલા, તા. ૨૬

ગુજરાત મિરરના નિડર અને યુવા પત્રકાર આસિફ કાદરીનો આજે જન્મદિવસ છે

ખુબ નાની વયે પત્રકારની કારકિર્દીની શરૂઆત કરી, પત્રકાર ક્ષેત્રે બહોળી અનુભવ ધરાવતા આસિફ કાદરી સત્યની સાથે રાજુલા વિસ્તારનાં સચોટ સમાચાર પ્રકાશિત કરવામાં અગ્રેસર રહયા છે. અને રાજુલા પંથકમાં પ્રજાલક્ષી પ્રશ્નો અને સમસ્યાઓને ઉજાગર કરી સતત પ્રયત્નશીલ રહેતા તેમજ પત્રકાર ક્ષેત્રે નિસ્પક્ષ તથા નિડર રહી લોકપયોગી સેવાકીય પ્રવૃતિમાં પણ ઉમદા કાર્યો થકી તમામ સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિત તરીકે બહુમાન મેળવી ચુકયા છે. અને સાથો સાથ સમાજ શિક્ષિત બને તે માટે વિદ્યાર્થીઓ, યુવાનોને શૈક્ષણિક રીતે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી સતત કાર્યશીલ રહયા છે. તદઉપરાંત ગામડાનાં છેવાડાનાં લોકોને રાજય સરકારની યોજનાઓ વિશે આ પત્રકારે



માહિતગાર કર્યા છે. આ કાર્ય પધ્ધતિ થકી લોકોમાં લોકચાહનાં ધરાવતા આસિફનો આજે જન્મદિવસ હોય જે નિમિતે તેમનાં મિત્ર વર્તુળોમાંથી તેમજ સગા-સંબંધીઓ અને તમામ સમાજમાંથી જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.ઉપરાંત ફેસબુક, વોટાસપ સહિત સોશિયલ મિડિયામાં પણ તેમનાં હિતેચ્છુઓ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

---

## ગુંદરણ ગામે સમસ્ત કોળી સમાજનાં આગેવાનોની બેઠક મળી



લીલીયા, તા. ૨૬

લીલીયા તાલુકાનાં ગુંદરણ ગામે મિટિંગ મળેલ જે મિટિંગમાં તાલુકાનાં બધા ગામોમાંથી કોળી સમાજનાં આગેવાનો હાજર રહ્યાં. આ મિટિંગમાં ગામડે-ગામડે મજબૂત સંગઠન બનાવી સમાજમાં વ્યસનમુકિત અભિયાન, બ્લડ ડોનેટ કેમ્પ, સમાજને આર્થિક મજબૂત બનાવવો, બાળકોમાં શિક્ષણનું સ્તર વધારવું, રમત ગમત ક્ષેત્રે પણ કોળી સમાજનાં આગામી ચૂંટણીઓમાં કોળી સમાજ શું સ્ટેન્ડ લેશે એ બાબતે ચર્ચા અને વિદ્યાર્થીઓ આગળ વધે અને રાજકીય સુજબુજ ધરાવતા યુવાનો, વડીલો અને આગેવાનો રાજકીય ક્ષેત્રે આગળ વધે એવા આગામી દિવસોમાં કાર્યક્રમો કરશે. આ કાર્યક્રમમાં મહેશભાઈ મકવાણા, કાંતિભાઈ ડુંગરીયા, વિજયભાઈ કોગથિયા (તા. પં.સ.), અલ્પેશભાઈ સોલંકી (તા. પં. સ.), કાંતિભાઈ મકવાણા, પરેશભાઈ ચૌહાણ, ઝવેરભાઈ જાદવ, કિશોરભાઈ પરમાર, રમેશભાઈ ડાભી, રોહિત બારૈયા, મુકેશભાઈ મકવાણા, મનસુખભાઈ બારૈયા, ગોરધનભાઈ વાઘેલા, રોહિતભાઈ વાઘેલા, ભાવેશભાઈ ડાભી, કાંતિભાઈ સાથલીયા, વિશાલ ડાભી, ઘનશ્યામભાઈ ખારા, જગદીશભાઈ રંગપરા, વલ્લભભાઈ રંગપરા અને ગુંદરણ ગામનાં આગેવાનો બાબુભાઈ રાઠોડ, મનુભાઈ મકવાણા, હંસરાજભાઈ બારૈયા, સામતભાઈ સોલંકી, ઘનશ્યામભાઈ સોલંકી, શૈલેષભાઈ સોલંકી, અશ્વિન વાઘેલા, મહેશ સોલંકી અને અલ્પેશભાઈ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






શ્રાવણ માસ નિમિત્તે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૭૯૫૫









# એક વખત એવું બન્યું (એક સરકારી અધિકારીની વેદના)

ભાગ-૩૨

**(વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૯ દરમિયાન કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

મારી મહેસૂલી અધિકારી તરીકેની સફરના પહેલા તબક્કા દરમિયાન વર્ષ ૨૦૧૧ થી વર્ષ ૨૦૧૯ દરમિયાન મને થયેલા અને 'તેજોવધ' પુસ્તકમાં વર્ણવેલ કેટલાક અનુભવો અહીં અમરેલી એક્સપ્રેસમાં 'જાગતે રહો' કોલમના માધ્યમ થકી ૩૨ અંકો સ્વરૂપે આપના સુધી પહોંચાડયા છે. 'તેજોવધ' શ્રેણીમાં વર્ણવ્યા સિવાયના પણ ઘણાં અનુભવો રહ્યા છે. એક રીતે જુઓ તો મારો દરેક દિવસ અને આ દિવસની દરેક ક્ષણ હંમેશા નવીન રહેતી હતી. મને મારા જી.પી.એસ.સી. ના અભ્યાસ દરમિયાન રાજયશાસ્ત્ર વિષયના મારા માર્ગદર્શક શ્રી હસમુખ પંડયા સાહેબ વારંવાર કહેતા કે,વૈશ્નવ ! તમે રોજબરોજના તમારા અનુભવો લખતા રહેજો. એ લખેલું તમને આગળના સમયમાં પુસ્તક લખવામાં કામ લાગશે.પરંતુ એ સમયે મેં આ બાબતને એટલી ગંભીરતાથી લીધી ન હતી.

હું મારી કામગીરીમાં એટલો ઓતપ્રોત રહેતો કે આખો દિવસ સવારથી લઈને રાત સુધી ઘણું બધું કામ કરતો.ઘણી બાબતો અને ઘણાં અનુભવો એવા છે કે જે હાલ હું ભૂલી ગયો છું. તેનો ઉલ્લેખ હું પુસ્તકમાં કરી શકયો હોત. મારૂં પુસ્તક વાચનારા અને હાલ સરકારશ્રીમાં નજીકના ભૂતકાળમાં જે કોઈપણ મિત્રો જોડાયા હોય કે ભવિષ્યમાં જોડાવાના હોય તેમને હું હસમુખ પંડયા સાહેબના શબ્દો કહેવા માગું છું તમે પણ રોજબરોજની ઘટનાઓ અને અનુભવો નોંધવાની ટેવ અવશ્ય રાખજો. સરકારી નોકરીઓમાં સૌથી અઘરી જવાબદારીઓ પોલીસ, રેવન્યૂ, પંચાયત, પાલિકાને ગણી શકાય. કારણ કે આ તમામ વિભાગો સાથે રાજકારણ સીધું જ જોડાયેલું હોય છે.

સરકારી ભરતી પરીક્ષાઓ પાસ કરી અને સરકારમાં ફરજ બજાવતાં આ હોશિયાર કર્મચારીઓ આ વિભાગોમાં મોટે ભાગે અંગૂઠાછાપ અને ખૂબ ઓછું ભણેલા નેતાઓ સાથે રહીને કામ કરવાનું હોય છે. મોટેભાગે તો સમય જતા તેઓ આ પ્રવાહમાં ભળી જતા હોય છે. પરંતુ કયારેક કેટલાકના મગજમાં મારી જેમ અમુક બાબતો સેટ ન થતી હોઈ, તેમને સંઘર્ષનો સામનો અવાર નવાર કરવો પડતો હોય છે. આ જ પ્રમાણે પોલીસની નોકરી પણ ખૂબ જ કઠિન છે. વિકટ પરિસ્થિતિમાં પોલીસના મિત્રો કામ કરી રહ્યા છે. તેમની માનસિક પરિસ્થિતિનો કદાચ આપણે અંદાજો પણ ન લગાવી શકીએ એટલી હદે ડિસ્ટર્બ હોય છે. મને વારંવાર વિચારો આવે છે કે જો હું મામલતદારને બદલે ડીવાયએસ.પી. કે પીએસઆઈ બન્યો હોત તો કદાચ નોકરીમાંથી બરતરફ થવામાં આટલો લાંબો સમય ન લાગ્યો હોત અને સો ટકા જેલમાં પણ જવું પડયું હોત. કારણ કે ઘણાં બધાં પ્રસંગો એવા બનતા હોય છે કે જેમાં મૂકપ્રેક્ષક તરીકે મારાથી રહી શકાય નહીં. આવા પ્રસંગો સમયે કડકાઈ થી કામ લેવામાં આવે તો પરિણામ અધિકારીએ જ ભોગવવું પડતું હોય છે.

એવું પણ કહી શકાય કે તમામ સરકારી તંત્ર ઉપર જિલ્લા કક્ષાએ નિયંત્રણ જિલ્લા કલેકટરશ્રીનું હોય છે. રેવન્યુ ઓથોરિટી સૌથી ઉપર હોય છે અને એટલે જ નાનીથી લઈને મોટી બાબતોમાં ભલામણો અને રાજકીય પ્રેસર વારંવાર જોવા મળે છે. મોટેભાગે નેતાઓને સમજાવીને રસ્તો કાઢવાનો પ્રયત્ન સૌ પ્રથમ કરવામાં આવતો હોય છે. પણ હવે તો દરેક નેતાઓ એટલા હોશિયાર થઈ ગયા છે કે એ સમજી જાય છે કે આ અધિકારી અમને રમાડવાનો પ્રયત્ન કરી રહ્યો છે.પોતાની જિદ ગમે તે રીતે પુરી કરાવવાના તે શકય તમામ પ્રયત્નો કરતા હોય છે. જો તેમનું ધારેલું કરવામાં ન આવે તો પછી અધિકારીનું આવી બનતું હોય છે. ઘણી વખત આપણે વાંચીએ છીએ અથવા તો સાંભળીએ છીએ કે સરકારી અધિકારીએ આવું ખરાબ કામ કર્યું, ના શોભે તેવું કામ કર્યું અથવા તો સરકારી અધિકારી કર્મચારી લાંચ લેતા પકડાઈ ગયા. આપણે બધાં એમને ખોટા અને ખરાબ કહેવા માંડીએ છીએ. અશોભનીય ભાષામાં આપણે એમને સંબોધન કરવા લાગીએ છીએ.હંમેશા લોકોની એક કોમન માનસિકતા થઈ ગઈ છે કે એક સરકારી માણસ હંમેશા ખોટો જ હોય.

દરેક સરકારી કર્મચારી અધિકારી હંમેશા કરપ્ટ જ હોય એવું આપણે માનતા હોઈએ છીએ પરંતુ મિત્રો એવું નથી. ઘણાં બધાં કિસ્સાઓમાં સરકારી અધિકારીઓને કે કર્મચારીઓને ફસાવવામાં આવતા હોય છે. જયારે તેઓ ઉપર આક્ષેપ થાય છે ત્યારે મીડિયામાં આ ઘટનાઓ બતાવવામાં આવે છે અને એમને બદનામ કરવામાં આવે છે. પરંતુ જયારે તેઓ અમુક સમય બાદ આક્ષેપોમાંથી બહાર આવે છે ત્યારે કદાચ એની કયાંય નોંધ લેવાતી નથી.લગભગ દરેક જગ્યાએ આ પ્રકારની જ માનસિકતા જોવા મળે છે અને એટલે જ સરકારી ફરજ બજાવતા તમામે અને સરકારી ફરજમાં જોડાવા માગતા તમામે એક બાબત નિશ્ચિત કરી લેવી કે ભવિષ્યમાં તકલીફો વેઠવાની ત્રેવડ હોય, બદનામી સહન કરવાની તાકાત હોય, સંઘર્ષ કરવાની શક્તિ હોય, તો અને તો જ સરકારી નોકરીમાં જોડાશો. દુશ્મનો ઊભા થશે જ એની ખાતરી છે. કોઈ સરકારી કર્મચારી અધિકારી એવા નહીં હોય કે જેણે પોતાની સમગ્ર નોકરી બિલકુલ શાંતિથી પૂર્ણ કરી




હોય. કયાંકને કયાંક કોઈને કોઈ ઈસ્યૂમાં આવવાના આવવાના અને આવવાના જ. દરેક સરકારી ગુલામની સાથે બદલી, બઢતી અને બદનામી જોડાયેલી હોય છે. પરંતુ બહુ ઓછા મારી જેવા વિશિષ્ટ અધિકારી હોય છે કે જેને બરતરફીનો પણ સ્વાદ ચાખવા મળ્યો હોય.

મહેસૂલ ખાતા સાથે જમીનોને લગતી કામગીરી તેમજ મેજિસ્ટેરિયલ પાવર ભોગવતા હોવાને કારણે કાયદો અને વ્યવસ્થાની કામગીરી પણ સંકળાયેલી હોય છે. આથી સૌથી વધારે પ્રેસરમાં મહેસૂલી અધિકારી કામ કરતો હોય છે. મહેસૂલખાતુ તેમ જ પોલીસખાતુ ખૂબ શક્તિશાળી ખાતાઓ છે. ઘણી સત્તાઓ એમની પાસે છે અને આ શાખાઓમાં કામ કરતા અધિકારીઓને જો સ્વતંત્ર કામગીરી કરવા દેવામાં આવે તો શ્રેષ્ઠતમ કામગીરીઓ પણ બજાવી શકે છે. પ્રજાતિમાં લોકકલ્યાણના કામો ખરા અર્થમાં થઈ શકે તેમ છે. જો કે પ્રજાના કમનસીબે રાજકીય હસ્તક્ષેપને કારણે આ પરિસ્થિતિમાં કામગીરી થઈ શકતી નથી. કેટલાક બાળિયા માણસો આખી સિસ્ટમનો વહીવટ ચલાવતા હોય છે. જે આપણને પ્રત્યક્ષ દેખાતા નથી પણ પરોક્ષ રીતે તેઓ સંચાલન કરતા હોય છે. આપણે લોકો ખૂબ સહનશીલ છીએ. આપણે વિરોધ કરતા નથી. જેને વિરોધ કરવો છે તેને વિરોધ કરતા આવડતું નથી અને જેને વિરોધ કરતા આવડે છે તેને આપણે વિરોધ કરવા દેતા નથી.

એક બહુ સામાન્ય વિચાર છે કે એક વ્યક્તિ ખોટો છે અને કોઈ રાજકીય આગેવાન પાસે જઈને મદદ માગે છે. રાજકીય આગેવાન જાણે છે કે આ વ્યક્તિ ખોટો છે તેમ છતાં પણ ચૂંટણીમાં મને મદદરૂપ પશે અને તેની વોટબેંક ઘણી મોટી છે એટલે એ તેને મદદ કરે છે. આપણે જાણીએ છીએ કે ખોટા વ્યક્તિને આપણા ચૂંટેલા આગેવાનશ્રી મદદરૂપ થઈ રહ્યા છે તો પણ આપણે પછીના ઈલેકશનમાં તે જ આગેવાનને મત આપીએ છીએ. એટલા માટે મત આપીએ છીએ કે આપણને મતદાનના અધિકારની જાણકારી છે પણ કોને મત આપવો જોઈએ એની બુદ્ધિ નથી. આપણા મતાધિકારનો ઉપયોગ કેમ કરવો તેની આપણને જાણકારી જ નથી.આપણે જ્ઞાતિવાદના આધારે મતદાન કરીએ છીએ અથવા પક્ષ પ્રત્યેના પ્રેમને કારણે મતદાન કરીએ છીએ. કોઈ એવી ઘટનાઓ કે ખરેખર જેની પાછળ કારણભૂત કઈક અન્ય પરિબળ હોય અને આપણને અલગ રીતે રજૂ કરવામાં આવ્યું હોય તેને જોઈને ટૂંકી બુદ્ધિથી વિચાર કરીને મતદાન કરીએ છીએ. કેટલાક બુદ્ધિજીવીઓ મતદાન કરવા જતા નથી અને કેટલાક ભણેલા અભણ લોકો પૈસાની લાલચમાં અને અંગત સ્વાર્થમાં મતદાન કરી આવતા હોય છે.પરિણામે આપણને સારો અને સમાજ ઉપયોગી નેતા મળતો નથી.

હવે તો પરિસ્થિતિ પણ એવી ઉભ્દવી છે કે કોઈપણ પક્ષ હોય, કોઈ પણ વિસ્તાર હોય, મોટા પૈસા ખર્ચી શકનારો બાહુબલી વ્યક્તિ જ ટિકિટ મેળવે છે. શું કયારેય આપણાદેશમાં કે આપણા ગતિશીલ ગુજરાતમાં એવો દિવસ જોવા નહીં મળે, એવી ચૂંટણી જોવા નહીં મળે, કે જેમાં સંનિષ્ઠ દેશભક્ત અને ડાઉન ટુ અર્થ અને પબ્લિક વચ્ચેના કોઈ વ્યક્તિને ટિકિટ આપવામાં આવશે ? એવા દિવસો કયારે જોવા મળશે કે જયારે તમામ પક્ષો ચૂંટણીમાં વધારેમાં વધારે ભણેલા ઉમેદવારની પસંદગી કરશે? આપણે એટલી સાદી બાબત પણ નથી સમજી શકા કે આપણા પ્રતિનિધિ તરીકે એજયુકેટેડ અને બુદ્ધિશાળી વ્યક્તિને ચૂંટવો જોઈએ.જો આપણા ઘરમાં કામ કરવાવાળા સફાઈ કર્મચારીઓ કે પટ્ટાવાળાની પસંદગી પણ ખૂબ વિચારીને કરતા હોઈએ કે આપણે ઘરે કલર કામ કરાવવું હોય, પ્લમ્બિંગ કામ કરાવવું હોય, ફર્નિચર કરાવવું હોય તો પણ આપણે સમજી વિચારી અને કામ સોંપતા હોઈએ છીએ.તો પાછી મતદાનના દિવસે વાદળી બટન દબાવતા પહેલાં કેમ આપણે આ બાબતે ગંભીરતાથી વિચારતા નથી ?

એટલું યાદ રાખજો કે આપણું ટેલેન્ટ વિદેશોમાં કામ કરી રહ્યું છે. આપણા ટેલેન્ટડ યુવાનો સરકારી હોદ્દા ઉપર બિરાજમાન થવાને બદલે વિદેશ જવાનું વધારે પસંદ કરે છે. એવું એટલા માટે કે તેમને સરકારી નોકરીના પરિણામોની ખબર છે. એમને ખબર છે કે અહીં આપણા ટેલેન્ટની કદર થવાની નથી. જો આ યુવાધનને પાછું લાવવું હોય, ભવિષ્યમાં નવા યુવાધનને વિદેશોમાં જતા અટકાવવું હોય, જો ખરા અર્થમાં સિસ્ટમને વધારે બહેતર બનાવવી હોય અને કામ સબબ સરકારી કચેરીઓના વારંવારના ધક્કા બંધ કરવા હોય તો સૈથી પહેલાં વિધાનસભા અને લોકસભામાં આપણા પ્રતિનિધિઓની પસંદગી બાબતે આપણે નક્કર વિચારવું પડશે. કેટકેટલાય કૌભાંડો રોજેરોજ થાય છે. કેટલાક બહાર આવે છે તો મોટાભાગના કૌભાંડો વિશે કોઈને ખ્યાલ જ નથી આવતો. શું આમ જ ચાલવા દેવું છે? કદાચ આપણે આ જ પ્રકારની પદ્ધતિથી ટેવાઈ ગયા હોય એવું લાગે છે. આપણે ખૂબ સહનશીલ પ્રજા છીએ. હાલશે...ચાલશે...ફાવશે...

ઘણાં મિત્રોએ મને એવી સલાહ આપી કે પુસ્તક લખો નહીં. ખૂબ વિચાર્યુ અને પછી મેં નક્કી કર્યું કે મારે મારા અનુભવો અને મને આવતા વિચારોમાંથી કેટલાક વિચારો ફિલ્ટર કરીને લખવા છે અને લોકો સુધી પહોંચાડવા છે. મારી ઉપર આક્ષેપો કરવામાં આવશે. મને બદનામ કરવાના પ્રયત્નો પણ કરવામાં આવશે. આઠ વર્ષની નોકરી દરમિયાન જેમને જેમને મારાથી નુકસાનીઓ વેઠવી પડી હશે એ પણ રાહ જોઈને બેઠા હશે. પરંતુ હું પણ તૈયાર છું. કદાચ મારે આઠ વર્ષ દરમિયાન જેની જેની સાથે સંઘર્ષ થયો છે એ તમામ એમની જગ્યાએ સાચા હતા અને હું મારી જગ્યાએ સાચો હતો પરંતુ સમય ખરાબ હતો.આપ સૌને નવાઈ લાગશે કે મારી બરતરફીમાં મારા જ કેટલાક ઉચ્ચ અધિકારીઓનો ખૂબ મોટો હાથ છે. તેઓ મારી કામગીરીથી વાકેફ છે. તેમના અંતરાત્મા જાણે છે, છતાં પણ મારી બરતરફીના હુકમ પર તેમણે હસ્તાક્ષર કરી આપેલ.

મેં આર.ટી.આઈ. મારફતે જરૂરી તમામ કાગળો મગાવેલ. તેનો અભ્યાસ કરતા મને જાણવા મળ્યું કે ઈરાદાપૂર્વક મારી કારકિર્દી પૂરી કરવામાં આવેલ. ખરેખર તો મારો અજમાયશી સમયગાળો પૂર્ણ કરી અને નાયબ કલેકટરનું પ્રમોશન આપવાનું હતું પરંતુ બિનજરૂરી કારણો બતાવી અને મને બરતરફ કરવામાં આવેલ જે બિલકુલ યોગ્ય નથી. વર્ષ ૨૦૧૧ થી વર્ષ ૨૦૧૯ સુધીના તમામ મૂલ્યાંકન અહેવાલો કે, જેના પર અમારા કલેકટરશ્રી સમીક્ષા કરતા હોય છે. તમામ મૂલ્યાંકન અહેવાલોમાં મને વેરીગુડ અને આઉટ સ્ટેન્ડિંગ રીમાર્કસ મળેલા છે.મહેસાણાના પ્રાંત અધિકારીશ્રી દ્વારા મારા મૂલ્યાંકન અહેવાલમાં 'વિરૂદ્ધ નોંધ' કરવામાં આવેલ. તેની સમીક્ષા મારા તત્કાલીન કલેકટરશ્રી દ્વારા મારી તરફેણમાં કરવામાં આવેલ અને પોતે આ વિરૂદ્ધ નોંધ સાથે સહમત નથી તેવું જણાવેલ.

આમ જો મારા આઠ વર્ષના તમામ મૂલ્યાંકન અહેવાલો વેરી ગુડ અને આઉટ સ્ટેન્ડિંગ લખવામાં આવ્યા હોય તો મારી કામગીરી નબળી કઈ રીતે ગણી શકાય ? કેટલાય મિત્રો એવા છે કે જેઓ એન્ટિકરપ્શન ડિપાર્ટમેન્ટ દ્વારા અજમાયશી સમયગાળામાં જ પૈસા લેતા રંગે હાથ પકડાયેલા હોવા છતાં પણ તેમનો અજમાયશી સમયગાળો નિયમાનુસાર પૂરો કરવામાં આવેલ છે તેવા પણ દાખલાઓ છે. પરંતુ મારો અજમાયશી સમયગાળો જાણી જોઈને આઠ વર્ષ સુધી પૂરો કરવામાં ન આવ્યો. જેની પાછળ નાણાકીય અને રાજકીય પીઠબળ છે એમને કોઈ તકલીફ આવતી નથી પણ જેમને માત્ર કામ કરવું છે અને કોઈ પણ પ્રકારનું પીઠબળ નથી એમને ખૂબ મુશ્કેલીઓ છે.

**(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. તેજોવધ શ્રેણી આ સાથે પૂર્ણ જાહેર કરવામાં આવે છે.)**

---




<u>પ્રકરણ-૧૫૦</u>

**'ભૈયા મેરે, રાખી કે બંધન કો નિભાના... ભૈયા મેરે, છોટી બહેન કો ના ભૂલાના... ભૈયા મેરે .... તુમ્હે યાદ હોગા... કભી હમ મિલે થે... મુહબત કી રાહો મે મિલ કે ચલે થે'**

પ્રિય વાચક મિત્રો,

રક્ષાબંધનના પવિત્ર તહેવારની દરેકને શુભ કામનાઓ સાથે તમામ બ્રહ્મ સમાજને બળેવ પર્વની શુભ કામનાઓ. સાથે થોડી સરકારની બેધારી નીતિની વાત કરી, આપણે ફિલ્મી સફરની વાત કરીશું. હમણાં જ સાતમ આઠમના તહેવારો આવશે, અને દર વર્ષની જેમ, સગા સંબંધીઓ તીન પતિની રમત જમાવશે, પણ જો તે સમયે પકડાઈ ગયા તો જુગારના કેશમાં સજા થશે પણ જો તમે મોબાઈલ ફોનમાં રમી કે તીન પતિ ગેમ રજીસ્ટર કરાવી છે, તો તમે ટાવર ચોકમાં ઊભા ઊભા જાહેરમાં જુગાર રમી શકો છો, જો કોઈ તેના કોમ્પુટરમાં ક્રિકેટ મેચનો જુગાર રમાડે તો ગુન્હો છે, પણ જાણીતા ક્રિકેટરોએ જે જાહેર ખબર આપે છે તે એપ પર તમે ટિમ બનાવી સટ્ટો રમો તો માન્ય છે, આ કેવી બેધારી નીતિ ?, ભારતની નવી પેઢી આ દૂષણમાં પૂરી રીતે ફસાઈ જાય તે પહેલા આ રીતે રમાતા જુગાર પર રોક જરૂરી છે, તે માટે નવી પેઢી જે આ વિષ ચક્રમાં ફસાઈ જાય તે પહેલા તેમના માતા પિતા જો લડત નહીં ચલાવે તો આગામી પેઢિનું ભાવિ અંધકાર મય જ છે, જેમાં કોઈ વિવાદ નથી, તમામ સટ્ટા અને જુગાર એક મહાભારતનું સર્જન કરે છે એટલું યાદ રાખુવું જરૂરી છે. ફિલ્મી સફરમાં પણ એક સટ્ટાના વધુ રૂપિયા કમાવવાની લાલચ કેવી રીતે એક કુટુંબને બરબાદી તરફ લઈ જાય છે તે ૧૯૫૯ની ફિલ્મમાં સરસ રીતે બતાવ્યુ છે.

**સટ્ટા બાઝાર** – રવિન્દ્ર દવેના નિર્દેશન અને નિર્માણમાં, ખ્વાઝા અહેમદ અબ્બાસની કહાની, અને., મીના કુમારી, બલરાજ સાહની, વિજયા ચૌધરી, અસિત સેન, તિવારી, મૂલચંદ, સુરેશ, કૃષ્ણકાન્ત, સાબિતા અને જહોની વોકરથી અભિનીત અને ગુલ્સન બાવરા, હસરત જઈપૂરી, શૈલેન્દ્ર અને ઈંદિવરના ગીતો, સુમન કલ્યાણ પૂર, લતાજી અને રફી સાહેબ અને હેમંત કુમારના મધુર સ્વર સાથે કલ્યાણ જી આનંદ જીના યાદગાર સંગીત સાથે ની આ ફિલ્મ શરૂઆતમાં સારો નફો કર્યા




બાદ સફળ તો રહી, પણ ટોપ ટેન સુધી પહોંચી ના શકી. ફિલ્મની કથા એક શેર બજાર અને સટ્ટા બજાર પર આધારિત છે.

બલરાજ એક ધનિક વ્યકિત છે, તેની પત્ની એક નાની બાળકીને મૂકી આ દુનિયા છોડી ગઈ છે, તે મીના સાથે બીજા લગ્ન કરે છે, નાની બાળકી પહેલા મીનાને માતા તરીખે સ્વીકાર કરતી નથી, પણ મીનાના માતૃત્વના પૂરમાં તે જેમ જેમ મોટી થતી જાય છે, તેમ ભૂલી જાય છે કે મીના તેની સૌતેલી માં છે, કોઈ તેને મીના સૌતેલી માં છે તેવું કહે છે તો પસંદ પડતું નથી, બાળકી હવે યુવતી વિજયા બની ચૂકી છે, અને પિતા કરતાં માતા મીનાને વધુ ચાહે છે, તે બલરાજના બિઝનેસ ભાગીદાર અસિત સેનના પુત્ર સુરેશને ચાહે છે અને બંનેની સગાઈ પણ કરી દેવામાં આવે છે, તેજ શહેરમાં એક ધનવાન તિવારી નામનો વ્યકિત છે, જે શેર સટ્ટામાં લોકોને ફસાવી ધનવાન બન્યો છે, તેના પુત્ર કૃષ્ણકાંત એટલે પ્રિતમ વિજયાને જુએ છે, અને તેની સાથે લગ્ન કરવાના સપના જુવે છે, તિવારી તેના પુત્રને અધિક પ્રેમ કરે છે, અને આ પુત્ર પ્રેમ માટે તે બલરાજને સટ્ટા બાઝારમાં લઈ આવે છે, અને ખુબજ જીત અપાવે છે, સાથે પ્રિતમ માટે વિજયાનો હાથ માંગે છે, પણ બલરાજ તે બાબતે સાફ ના કહે છે, તો તિવારી તેને સટ્ટામાં હરાવી પાયમાલ કરી મૂકે છે, તેના ઘર લિલામી પર આવી જાય છે, ત્યારે તિવારી ત્યાં આવી તેને મદદ કરવાનું નાટક કરે છે, અને બદલામાં વિજયાનો હાથ પ્રિતમ માટે માંગી લે છે, વિજયા અને મીના આ માટે તૈયાર નથી, તો બલરાજ તેના જાનની ધમકી આપે છે, પિતા પ્રેમ માટે વિજયા પ્રિતમ સાથે લગ્ન કરવા તૈયાર થઈ જાય છે. અને સુરેશનું તિવારી અપ હરણ કરી કેદ કરી લે છે. વિજયા સાથે પ્રિતમના લગ્ન થતાં જ તિવારી એ કોઈને રકમ આપેલ ના હોવાથી બલરાજ, મીના અને તેમનો નાનો પુત્ર ઘર વગર ના થઈ જાય છે. સટ્ટાની લત બલરાજને એવી લાત મારે છે કે બીમાર નાના પુત્ર માટે દૂધ અને દવા લેવાના બદલે તે સટ્ટો રમી જાય છે, અને તેના એક માત્ર પુત્રથી હાથ ધોઈ બેસે છે.

બલરાજનો મિત્ર જહોની અને અસિત સુરેશની શોધ કરે છે, અને સુરેશને ભાગવાનો મોકો મળે છે, તે પ્રિતમને મળે છે, પ્રિતમને પાણીમાંથી બચાવી તેનો જીવ બચાવેલ તે પ્રિતમને યાદ છે, તે સુરેશને તેના ઘર લાવે છે, બીજી તરફ તિવારીને ખબર પડે છે કે સુરેશ પ્રિતમ પાસે છે, તો સુરેશને મારવા તે ઝહર લાવે છે, પણ તે ઝહર પ્રિતમ પી જતાં મૃત્યુ પામે છે, જહોની બલરાજ અને તેના પરિવારને એક કરે છે, અને તિવારીને તેના સાથી અને પુત્રના ખૂનના આરોપમાં પોલીસ હવાલે કરાવે છે, અંતે સુરેશ અને વિજયા એક થાય છે, બલરાજ ફરી ઈમાનદારીથી અમીર બને છે. એક સટ્ટાને લીધે એક કુટુંબ કેમ પાયમાલ થાય છે તે ૧૯૫૯માં બતાવ્યુ છે, પણ આજે શેરના સટ્ટાની સાથે ક્રિકેટ અને અન્ય એપ દ્વારા જુગારનો પગ પેશારો એવો થઈ ચૂકયો છે કે, તેમાં ઘણા પરિવારો બરબાદ થઈ રહ્યા છે, અને જોવાનું એ છે કે સરકાર આવા સટ્ટાને માન્યતા આપેલ છે. સટ્ટા બાઝારનું ગીત 'તુમ્હે યાદ હોગા... કભી હમ મિલે થે, મુહબત કી રાહો મે મિલ કે ચલે થે, ભૂલાદો મુહબતને હમ તુમ મિલે થે, સપના હી સમજો કે મિલકે ચલે થે. હેમંત કુમાર અને લતાજીના યાદગાર ગીતો પૈકીનું એક છે.

**છોટી બહેન** – એલ.વી. પ્રસાદના નિર્દેશન અને નિર્માણમાં, બલરાજ સાહની, નંદા, રહેમાન, શ્યામા, કંચન માલા, ધુમાલ, શોભા ખોટે, હરિ શિવ દાસની, કુવર કેશવ, બદ્રિ પ્રસાદ, વીણા અને મહેમુદથી અભિનીત અને હસરત જઈ પૂરીના ગીતો અને શંકર જયકિશનના યાદગાર સંગીત અને મુકેશજી, લતાજી, સુબીર સેન, મન્નાદે, રફી સાહેબના સ્વરમાં આ ફિલ્મના ગીતો, અને બલરાજ અને નંદા અને મહેમુદના અભિનયના સથવારે આ ફિલ્મ ૧૯૫૯ની ટોપ ટેન પૈકીની આઠમા નંબરની હિટ ફિલ્મ સાબિત થઈ હતી.

બલરાજ તેની બહેન નંદા અને ભાઈ રહેમાન સાથે ગરીબ જીવન પસાર કરે છે, રહેમાનને અભ્યાસ માટે તે ઘર પણ ગીરવે મૂકી દે છે, રહેમાન તેની સાથે અભ્યાસ કરતી અમીર યુવતી શ્યામાના પ્રેમમાં છે, શ્યામાના પિતા બલરાજને નંદાના લગ્ન ડો. કુવર સાથે કરાવવાનું નક્કી કરી શ્યામાના લગ્ન રહેમાન સાથે નક્કી કરે છે, પણ નંદાને એક અકસ્માત થતાં તે અંધ થઈ જાય છે, તેના લગ્ન રદ થાય છે, પણ ડો કુવર તેને ચાહે છે. રહેમાનની પત્ની સમાજના નિયમ મુજબ બલરાજને ત્યાં રહેવા આવે છે, પણ તેની ચાલ રહેમાનને તેના પિતાને ત્યાં લઈ જવાની છે, તેમાં તે સફળ થાય છે. રહેમાન માટે મુકેલ મકાન વ્યાજ ખોર પચાવી પાડે છે, અંધ બહેનને લઈ બલરાજ રહેમાન પાસે મદદ માટે જાય છે, પણ લાચાર રહેમાન તેની પત્નીના કહેવા મુજબ મદદની ના કહે છે. લાચાર બલરાજ મજૂરી કરી ગુજરાન ચલાવવા લાગે છે, પણ તેને એક અકસ્માત થાય છે, અંધ નંદા ડો. કુવરના સંપર્કમાં આવે છે અને તે નંદા સાથે લગ્ન માટે તૈયાર થાય છે, રહેમાનનો મિત્ર મહેમુદ જે એક અમીરબાપનો પુત્ર બાપની લાલચ ભરી અમીરી છોડી તેની પ્રેમિકા શોભા સાથે ગરીબી જીવન પસંદ કરે છે, તે બલરાજની મદદ આવે છે, અને અંતે રહેમાન અને શ્યામાની આંખો ખૂલે છે, નંદાના લગ્ન ડો.કુવર સાથે થાય છે, તે તેને વિદેશ આંખના ઈલાઝ માટે લઈ જાય છે, અને ફરી પરિવાર એક થાય છે. આવી લાગણી સભર કહાની સાથે બલરાજ, નંદાના લાજવાબ અભિનયથી અને ગીત સંગીતથી આ ફિલ્મ સફળ રહી હતી. ખાસ મહેમુદને




આ ફિલ્મ વધુ ફળી હતી, અને આ ફિલ્મ બાદ મહેમુદ દરેક ફિલ્મમાં હીરોની સમકક્ષ ભૂમિકા સ્વીકારતા હતા.

લતાજી અને સુબીર સેનના સ્વરમાં 'મૈ રંગીલા પ્યાર કા રાહી... દૂર મેરી મંઝિલ, શોખ નજહર કા તીર તુને મારાદિલ હુવા ઘાયલ... મહેમુદ અને શોભા પર ફિલ્મવાયેલું છે, તો મેં રિક્ષા વાલા રફી સાહેબના સ્વરમાં અને લતાજીના સ્વરમાં 'ભૈયા મેરે, રાખી કે બંધન કો નિભાના અને બાગોં મેં બહારો મેં કેન આયા અને મુકેશજીના સ્વરમાં ' જાઉં કહા બતાએ દિલ, દુનિયા બડી હૈ સંગદિલ.. આજે પણ લોકપ્રિય ગીતોની યાદીમાં છે.

આગામી અંકમાં સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર.

---

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

### ટુ ડાય વીથ ડીગ્નીટી

જો જગ જાને પ્રેમ કો મરે જગત કયો રોઈ. (કબીર)

સુખી સાર્થક જીવનનું રહસ્ય

અનેક વખત લખવાનું થંભી ગયુ.... ખુબ સંઘર્ષ મનોમંથન પછી વિચાર યાત્રા – અંતર યાત્રા શરૂ રહી...!

કોરોનાના કપરા કાળનાં આપણે સૌ સાક્ષી છીએ. ભડ ભળ બળતી ચિતાઓ મૂક-મૌન હૈયાફાટ રૂદન આપણે જોયા છે. મૃત્યુ પથારીએ કણસતા બેસુમાર વેદના વેઠતા માણસો જોવા હોસ્પિટાલોની મુલાકાત લેવી જોઈએ. છાપામાં આવી દયનીય કરૂણ ઘટનાઓ વાંચી હશે. આવી મધુર જિંદગીને જલદી સમાપ્ત કરવા કરગરતા ડાહયા માણસોને પણ જોયા હશે....! God in Heaven..? No,No. ઈશ્વર અહી જ છે.

મેડીકલ સાયન્સ પ્રગતિ કરી રહયું છે. એનેસ્થેસિયા ચમત્કારીક ઘટના, કે દવા છે. તેમ છતાં ઈન્ટેસીવ કેર યુનિટ નાકમાં ગળામાં અને છેદ એન ટયુબો સંપુર્ણ પરાધીન પણું જોનારા ત્રાસી જાય એવી કોમ્પ્લીકેટેડા સારવાર પછી અનેક વિચારો આવે... કે મહિનાઓ અને દિવસો સુધી આ સ્થિતિ કેમ સહન થાય. જો કયારેય કોઈ ઉપાયે સારૂં જ ન થવાનું હોય અને વેદના વધતી જતી હોય તો ડોકટરો કાયદાને આધીન મૃત્યું આપી શકે ? સગાં સ્નેહીઓની દયાવધની અરજી સ્વીકારી શકે ? તબીબ અસાંધ્ય રોગોને મટાડી શકે નહિ તો શું કરવું ?

મૂકિતનો ઉપાય પ્રભુ ઉપર છોડી દેવો. પ્રાર્થના, પ્રેમ, લાગણી, હુંફ પરિવારની હાજરી ઉપાય છે. શ્રધ્ધાપુર્વક, સમર્પણ ભાવે અંતરનાં ઉંડાણેથી પ્રભુને અરજ કરી શકાય હા. કોશિશ કયારેય નિષ્ફળ જતી




નથી. પરમકૃપાળુ પરમાત્માને છેલ્લા ડોકટર તરીકે સારવાર માટે બોલાવતાં.... આ કઈ રીતે ? જેને 'ગરીમાથી મૃત્યુ પામવાનાં હક'' માટે સંસ્થાનાં સ્થાપક સભ્ય હતા તેની આ સત્યકથા સંક્ષેપમાં રજુ કરૂ છું.

શ્રી આર.કે.કરાંજિયા 'બ્લિટઝ''ના તંત્ર બ્લિઝનો અર્થ થાય છે. વ્રજ, ખુબ જ મોટા લેખક, તંત્રી, પત્રકાર અને હિંમતવાન પુરૂષ કરાંજિયાનાં પત્નીને સ્વાદુપીંડનું કેન્સર થયું હતું. અત્યંત બુદ્ધિશાળી સમજુ આ સ્ત્રી પુર્ણપણે જીવવામાં માનનારી હતી. બધા જ ઉપાયો છતાં સ્વાદુપીંડનાં કેન્સર સામે હારી ગઈ અતિશય વેદના અને પીડાને લીધે પતિને કહયું કે હવે મને કોઈ આશા નથી. મને મૃત્યુ માટે છુટ આપો. એક ઈજેકશન... Society for the right to die with dignity નાં હિમાયતી શ્રી કરાંજિયા આ દુઃખદ સ્થિતિમાં કાયદાનો આશરો લઈ શકતા હતા. આવી વિકટ સ્થિતિમાં તેમને એક વિચાર આવ્યો કે મુંબઈ 'શાંતિ સેવા સદન.. એવદન સદના'' સંસ્થામાં લઈ જવા. મુંબઈ આ સંસ્થામાં પત્નીને દાખલ કર્યા અસાધ્ય એન કેન્સરનાં રોગીઓને પીડામુકત સારવાર કરવી. A Fond farwell એક પ્રેમાળ વિદાયગીરી નામે શ્રધ્ધાંજલિ લેખમાં કરાંજિયાએ લખ્યું છે. શાંતિ એવદનાં સદનમાં વિતાવેલા પ્રથમ દિવસે જ સાંજે પત્નીએ કહયું ''ઘણા સમય પછી પ્રથમવાર હું અહી શાંતિનો અનુભવ કરૂ છું. '' મુંબઈથી નીકળતું' ધ એકસામિનર'નાં ૨૧-૩-૨૦૦૯ ના અંકમાં કેન્સર નિષ્ણાંત ડો.લુઝી તો જે ડીસોઝાનાં લેખ કરાંજિયા અને એમની પત્નીનાં અસાંધ્ય પીડા કેન્સર – રોગ વિશે લખ્યું છે. કરાંજિયાએ લખ્યું છે કે આ આશ્રયસ્થાનો હેતુ દયાવધ કે એઉતને સિયા જેવો જ છે. પણ આ હેતુ પાર પાડવા આ સંસ્થા અહિંસક પગલા લે છે. આ સંસ્થાનું ધ્રુવ વાકય છે. ''જયાં પ્રેમ છે ત્યાં વેદના નથી'' દિવસોને જીવનથી ભરો, જીવનને દિવસોથી નહિ. શાંતિ એવદનાં સદન 'માં શ્રી કરાંજિયાની પત્નીને જે સારવાર – સેવાથી પોતાની જાતને કહયું. 'જો ધરતી પર કયાંય ઈશ્વર હશે તો તે અહીયા છે. તે અહીંયા છે. ત્રણ ત્રણ વાર' ઈશ્વર અહીંયા છે' એમ લખ્યું છે. આ ઉપરથી આપણે પ્રેભભરી સારવાર, પ્રેમભરી હુંફ આશ્વાસન પ્રભુરૂપે મળી હોય તેમ ન કહેવાય ?

ડો.ડીસોજા દયાવધની તરફેણ કરનાર તબીબમાંથી પોતે હતા. કેવી રીતે કોઈપણ પરિસ્થિતિમાં જીવનનું જતન કરવું. જીવનને આશા ગણવી. જતન કરનાર ખુદ બન્યા છે. તે વાતનું તેમણે પોતાનાં લેખમાં સમર્થન કર્યુ છે. તેમણે એકરાર કર્યો છે. કે 'એઉતનેસિયા' કોઈ પ્રકારનો ઉકેલ નથી. સાચી વાત એ છે કે કોઈ વ્યકિત ખરેખર મરવા માગતો નથી. તો આપણે શા માટે માણસનાં જીવનનો સંત લાવીએ ? દરેકનાં જીવનનું મુલ્ય છે.

મારા નમ્ર મત છે કે અસાંધ્ય રોગ કે વૃધ્ધવસ્થાને કારણે મૃત્યુ દરવાજે ઉભુ હોય ત્યારે શું કરવું ? ઉકેલ છે પ્રેમ બધા જ પ્રશ્નોનો ઉકેલ છે. પ્રેમ અસાંધ્ય – રોગ – મૃત્યુનો સમય વગેરે ખબર પડતા સ્વજનો ચારેબાજુથી પ્રેમ-નો અહેસાસ કરી સતત હુંફ આપે. પ્રાર્થના કરે. હાથ,પગ, દાળે સુંવાળો સ્પર્શ, ભોજન સારવાર સતત કાળજી માટે સતત હાજરી આપે. આપ્ત જનને શાંતિ માટે સત્સંગ ગમતી પ્રાર્થના આ લેખમાળાનો હેતું મૃત્યુંનો ભય દુર કરવા સંબંધો સોહામણ બનાવવા પ્રેમની સ્થાપના કરવાનો છે..... ભય ઓળંગવાની દવા છે. પણ... હજી મંઝિલ.... **(અપુર્ણ)**


# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ–૩૨

## હૃદયરોગ–૨

આપણા દેશમાં હૃદયરોગ અને તેના સંબંધી બીમારીઓ લોહીનું ઉચું દબાણ, ડાયાબીટીસ, ચરબીવાળુ શરીર વગેરેનું પ્રમાણ દિન–પ્રતિદિન વધતું જાય છે. આનુંવંશીકતા એન ખરાબ જીવનપધ્ધતિનાં કારણે વિશ્વનાં કુલ હૃદયરોગીઓમાંથી લગભગ અડધા આપણા દેશમાં છે ! જયાં સુધી ભારતની પ્રત્યેક વ્યકિત આ મહામારી વિશે જ્ઞાન મેળવી જાગૃત નહી બને ત્યાં સુધી આપણે સામાજીક સ્તર પર આ બીમારીનો ભોગ બનતા રહીશું. મારા આયુર્વેદ ચીકીત્સક તરીકેનાં ૨૮ વર્ષનાં અનુભવે મારા દર્દીઓ અને અન્ય લોકોનાં મનનો ખુબ ઝીણવટભર્યો અભ્યાસે એવું જણાયું છે કે હૃદય રોગને વધુ ગંભીર બનાવે છે.

આજથી લગભગ ૧૯ વર્ષ પહેલાં હું ગાયત્રી મંદિરે આયુર્વેદ હોસ્પિટલમાં હતો ત્યારે મારા એક સ્વજન વડીલ મારી પાસે આવ્યા, મને કે આજકાલ મને ગેસની બહુ તકલીફ થઈ ગઈ છે. કંઈક પાંચન ગેસની એવી દવા આપ કે આ ગેસ ઓછો થઈ જાય. મેં તેમની નાડ (પલ્સ) તપાસી, બી.પી.ચેક કર્યુ મને તો નાડ અનીયમીત જણાઈ અને બી.પી.૨૦૦/૧૧૦ આવ્યું મેં પુછયુ કાકા તમને તકલીફ શું થાય છે. મને કે ગેસ બહુ થાય છે, હું ચાલુ એટલે છાતીમાં ભાર–ભાર લાગે ને પછી ગેસ છુટી જાય એટલે સારૂ લાગે. આ ગેસ મને રાત્રેય સુવા નથી દેતો રાત્રેય ગેસ થાય એટલે ગભરામણ થવા માંડે મે એમને કહયું કાકા તમારૂ બીપી વધારે આવે છે. નાડ પણ અનીયમીત ચાલે છે., મને એવું લાગે છે કે તમારા હૃદયને લોહી બરાબર પહોંચતું નથી, તમારે થોડી તપાસ કરાવીને કાર્ડીયોલોજીસ્ટને બતાવવાની જરૂર છે. મને કે મે બધાય રીપોર્ટસ કરાવી લીધા છે. આ રહી મારી ફાઈલ, એમ કહી તેની થેલીમાંથી એક મોટી ફાઈલ કાઢી, મે તેના બધા રીપોર્ટસ શાંતીથી જોયા તેમનાં રીપોર્ટસમાં કોલેસ્ટેરોલ વધારે આવતું હતું, સુગર પણ બોર્ડર પર હતું અને એન્જીયોગ્રોફીમાં બે નળીમાં નેવું ટકા અને એક નળીમાં સીતેર ટકા બ્લોકેજ હતું. કાર્ડીઓલોજીસ્ટે તેમને બાયપાસ સર્જરી કરવવાની સલાહ આપેલ હતી. મે પુછયું કાકા તમને ડોકટરે તમારી તકલીફ વિશે સમજાવ્યું છે.

મને કે હા, ડોકટર કહે છે. મારા હૃદયને લોહી પહોચાડતી નળીઓમાં બ્લોકેજ છે એટલે મારે તાત્કાલીક બાય પાસ સર્જરીની જરૂર છે. પણ મારે બાયપાસ કરાવવું નથી. હું બ્લોકેજ માટે સફરજનનો સિરકાની બનાવેલ દવા લવ છુ (આ દવા તેને ડીગ્રી વગરનાં આયુર્વેદ પ્રેકટીસ કરતા દસ ધોરણ પાસ ડોકટરે લખી આપી હતી. ) એટલે મારે બાય પાસની જરૂર નહી પડે, આ ગેસની તું દવા આપી દે એટલે હું સો ટકા તંદુરસ્ત જ છું. મે તેમને સમજાવ્યા કે તમારો એન્જીયોગ્રાફીનો રીપોર્ટસ અને તમને જે રીતનાં લક્ષણો છે તે જોતા મને એવું લાગે છે કે તમારે બાય પાસ સર્જરી કરાવવી જોઈએ. મને કે આ બ્લોકેજ ની દેશી દવાથી મને ખુબ સારૂ રહે છે આ દવાથી એ ડોકટરે કેટલાય લોકોને સારા કર્યા છે. અને કોઈનેય બાયપાસની જરૂર નથી રહેતી. આ કાકા ત્યાર પછીનાં ત્રણ મહીનાં બાદ હૃદય રોગમાં દર્દીની રોગ વિશેની અધકચરી સમજણ રોગને વધારી દે છે તમે હૃદયરોગ માટે કોઈ સારવાર માટે જાવ ત્યારે એ વાત નિશ્ચિત કરજો કે એ ડોકટર ડીગ્રી વાળા છે કારણ



**ડૉ. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આયુર્વેદની ડીગ્રી વગર ના દેશી દવા ના નામે લોકો ના આરોગ્યને જોખમ માં મુકનારા આપણા સમાજમાં બહુ લેભાગું તત્વો છે. અને આપણે ભણેલ – ગણેલ હોવા છતાં આવા લોકોનાં હાથમાં આપણું જીવન સોપી દેતા હોઈએ છીએ.

અમારી પાસે ખુબ એવા લોકો આયુર્વેદ દવા લેવા આવતા હોય છે કે આયુર્વેદ દવા લેશું એટલે બીપી (હાઈપર ટૈંશન) ઝડમુળથી મટી જાશે, ફરી પાછી એ દવાની જરૂર નહી પડે આવું જ હૃદયને ઓછું લોહી પહોંચતા (IHD) કે હૃદયનાં અન્ય રોગો માટેની પણ માન્યતા છે. આ બધા લાઈફસ્ટાઈલ ડીસીઝ છે, આયુર્વેદમાં પણ આ બધા રોગો યાપ્ય રોગોની શ્રેણીમાં વર્ણવેલા છે. ( યાપ્ય રોગ એટલે જયાં સુધી તમે પરેજી પાળો અને નિયમીત દવા લો ત્યાં સુધી જ તે તમારા કંટ્રોલ માં રહે ) માટે આ રોગને કંટ્રોલ માં કરવા હોય તો આપણી લાઈફસ્ટાઈલમાં બદલાવ કરવો પડે અને જે દવા તમારા ડોકટર/વૈધ સુચવે એ નિયમીત લેવી જ પડે.

હૃદય રોગની આ શ્રૃંખલામાં આપણે હૃદયની રચના – સામાન્ય કામકાજ, હૃદય રોગ થવાનું કારણ, લક્ષણોને સરળ ભાષામાં અને વ્યવહારૂ રીતે ઉપયોગી થાય તે રીતે સમજીશું અને લોકોનાં મનમાં હૃદયરોગ બાબતે રહેલી ગેરમાન્યતા ને દુર કરવાનો પ્રયત્ન કરીશું, હૃદયરોગ થવા માટે જેટલા શારીરિક કારણો જેટલા જવાબદાર છે તેટલા જ મનનાં ભાવો પણ જવાબદાર છે. માટે આપણે દર સપ્તાહે મન નાં એક ભાવની પણ ચર્ચા કરીશું.

**મર્મબિંદુ :** આજકાલ હૃદયરોગ થવાનું એક મુખ્ય કારણ સામે આવ્યું છે. તે છે ભય (ડર), કોરોનાં કાળમાં જેટલા મૃત્યું થયા તેમાં નિષ્ણાંતોનું માનવું છે કે જે લોકોને કોરોનાં નો ડર મનમાં પેશી ગયાો તેવા લોકોનું બહુ ઝડપથી ઓકસીજન લેવલ નીચુ ગયું અને હૃદયરોગનો શીકાર બન્યા અને મૃત્યું ને ભેટીયા, જો થોડું પણ ધ્યાનથી અધ્યયન કરીશું તો જણાશે કે ૯૯ ટકા ભય તો માત્ર કાલ્પનીક છે.

''વિચાર એક પ્રકારનો ભય પેદા કરે છે. પણ વિચાર સિવાય ભય છે ખરો ? આપણે મૃત્યું થી ડરીએ છીએ પણ મૃત્યુ તો ભવિષ્યનાં કોઈ સમયગાળામાં બનનારી ઘટના છે. જે ખરેખર છે અને બનવાનું છે. તેની વચ્ચે અંતર છે.' આટલું સમજી શકાય તો પણ ભયથી મુકત થવાનો એક માર્ગ મળી રહે. આ માર્ગ આપણી અંદર જ છે. થ્રી ઈડીયટ પીકચરમાં આ વાત બહુ સારી રીતે સમજાવી છે કે આપણું હૃદય બહુ ડરપોક છે એને વારંવાર ફોસલાવવાની જરૂર છે. કે બધુ સારૂ થઈ જશે (ઓલ ઈઝ વેલ)

**(ક્રમશઃ)**

---

# રામ કથા રાશિ કિરણ સમાના, સંત ચકોર કરહિ જેહિ પાના ।

# અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



ભગવાને રસોઈની તૈયારી કરાવી. ગુફા થોડી પહાડ પર હોવાથી પાણી નીચેથી લાવવું પડતું. સાથે આવેલા બહેનો ભગવાન પાસે બેઠા હતા. હું કામમાં રોકાયેલી હતી. રસોઈની તૈયારી કરી. બીજા બહેને રસોઈ કરી, ભગવાન આ બધું ચુપચાપ જોતા હતા. બીજા બહેનો કોઈ ભગવાન પાસે તો કોઈ ગુફામાં બેઠા હતા.

સૌ પ્રથમ ભગવાનને ભોજન લેવા કહયું, તેમણે ભગવાન માટે ચાર રોટલી કરી બીજા આઠ દસ જણાની રોટલી મને કરવા કહયું હું રોટલી કરતી હતી ત્યાં ભગવાન ભોજન કરી મારી પાસે આવી બેસી ગયા અને કહયું, 'તુમ બેલો મૈં સેકતા હૂં' લગભગ પચાસેક રોટલી કરવાની હતી. મેં કહયું, 'ભગવાન, આપ આરામ કીજીયે, મૈં કર લૂંગી, તો કહયું, 'મૈ સબ દેખતા હૂં, મેરે પાસ તો ચલ બરાબર કર બરાબર ઔર ખા બરાબર કા ન્યાય હૈ.'' પેલા બહેનો આ જોઈને શરમાઈ કહે, 'ભગવાન, આપ ઉઠો આરામ કરો.'' ઘણો આગ્રહ કરવા છત ભગવાન માન્યા નહીં અને કહયું,''નહી અબ તો મૈં ઔર રમા કરતે હૈ, આપ સબ બેઠો, 'બધી જ રોટલી સેકાવી. બાપુજી તથા ત્રણે ભાઈઓને જમવા બેસાડવા. પછી બધા જામ્યા. આટલા બધા વાસણ પણ સાફ કરવાનાં હતા. ભગવાન મને બધું કામ એકલી કરતા જોતા હતા. કોઈ બાબત એમનાથી અજાણ નહોતી.ભગવાન સાંજે પુષ્કર પાછા જવા નીકળવાનાં હતા. સાથે આવેલા બહેનોમાં એક બહેનને બસમાં જવાનું હતું. સાથે કોણ જાય તે વિશે મતભેદ થવાથી બે બહેનો ભગવાનને કહયા વિના બસમાં જતા રહયાં. તેથી ગાડીમાં જગ્યા હોવાથી બાપુજી વિગેરે બધાને સાથે લઈ જયપુર ઘેર પધાર્યા.

સાથેનાં બહેનો ઉપર આવતા કડક અવાજે ભગવાને કહયું, ''દેખો, પણ મેરે પીછે ન આના. રમા ચલો, મુઝે અગાસીકા કમરા દિખાવ'' તેમ કહી અગાસીનાં રૂમમાં ગયા. સખત ગરમી હોવાથી કહયું, ''સીડી કા દરવાજા બંદ કરનાં'' કારણ અમારી સાથે શાંતિથી થોડીવાર બેસવા ઈચ્છતા હતા. અર્ધો કલાક બિરાજયા. ''ખુબ નામ જપ કરના, કિસી બાત કી ચિંતા નહી કરના'' તેમ જ જીવનમાં કોઈ ઘટના બની હોય તે વિશે પુછપરછ કરી. મેં પ્રસંગોની વાત કરી તો કહયું, 'અબ ડરનાં નહીં મેં સદૈવ તુમારે સાથ હું અભી મૈ પુષ્કર જા રહા હૂં. અજમેર શાદીમેં આના ચાહો તો જરૂર આના. ''તેમ કહી પચાસ રૂપિયા આપ્યા જાણે કે હવેથી મારા ખર્ચનો ભાર બાપુજી પરથી ઉતારી રહયા હતા.

રામ કથા મુનિવર્ચ બરવાની, સુની મહેશ પરમ સુખમાની ।

ભગવાન પાસે કયાંય જવા આવવામાં ટિકિટનાં પૈસા જોઈએ તેથી પચાસ સો રૂપિયા આ રીતે આગળ પાછળ આપી દેતા જેથી મારે બાપુજી પાસેથી કદી માંગવાનું રહે નહી. સાથે સાથે કહયું, 'કભી ભી કિસીસે માંગના નહીં તુમસે કહો સકે તો કિસીકો દેના. કુછ ભી કામ હો તો મુઝે બતાનાં. બસ અબ મૈ જાતા હૂં.

માંગન ગયે વો મર ગયે, જો કોઈ માંગન જાય,

ઉસસે પહેલે વો મરે, જો હોત કહત હે નાથ.

સબસે બુરો માંગનો.....

થોડા દિવસો બાદ ગુરૂભાઈનાં લગ્ન પ્રસંગ પર ભગવાનનાં કહેવાથી હું અજમેર ગઈ. ત્યાંથી ભગવાન ફરી જયપુર પધાર્યા. ધીરે ધીરે કોઈક વાર ભગવાન માટે રસોઈ બનાવવાની સેવા મળવાથી ખ્યાલ હતો કે ભગવાન ભોજનમાં દૂધી, પરવળ, તુરીયા, ભાજી વિગેરે શાકભાજી લેતાં કયારેક ભોજનની પ્રસાદીમાં પણ આ જ શાકભાજી મળતા તેથી મેં આ બધા શાકભાજી મંગાવીને તૈયાર રાખેલા કે ભગવાન જે કહેશે તે બનાવીશ. ભગવાનને મેં પુછયું, ''આપકો કૌનસી સબ્જી અનુકુલ હે ?'' તો કહયું, ''તુમ બતાવ'' દરેક શાકના નામ બોલી ગઈ. દરેક માટેનાં કહી આથી હું વિચારમાં પડી ગઈ હવે શું બનાવવું ? થોડીવાર રહી બોલ્યા, ''મૈ બતાઉ ? નમક ઔર રોટી'' આ પણ એક શિક્ષણ હતું કે આટલું સરળ અને સાદું જીવન હોવું જોઈએ.

વિહાયભોજનાનંદમ ભજનાનંદ રૂપિણ

૬૧ મી સાલમાં ચિત્રકુટમાં એક દિવસ ભગવાન રૂમમાં પધાર્યા. ત્યારે એક બહેને ભગવાનના શ્રી ચરણોનાં કુમકુમ કેસરનાં પગલાં એક વસ્ત્ર પર લીધાં. આ પ્રસંગ જોતાં મનમાં વિચાર આવતો કે શ્રી ચરણોની છાપ વસ્ત્ર પર શા કામની ? એ છાપ તો હૃદયમાં એવી છપાઈ જવી જોઈએ કે કાયમ માટે અંકિત રહે. છતાં શ્રીચરણોમાં પ્રીતિનાં કારણે સગુણ સ્વરૂપથી દુર રહેતા આધાર માટે ભગવાનની ચરણ પાદુકા મારી પાસે હોય તો સારૂં તેવી ભાવનાં રહેતી તેથી સફેદ પાદુકા જે ભગવાન કયારે જયપુર પધારે તે રાહ જોતી હતી. ૧૯૨૬માં પુષ્કરથી જન્મોત્સવ બાદ જયપુર ઘેર પધાર્યા. ત્યારે વસ્ત્રો સોથ પાદુકા પણ ધરાવી તે ભગવાને સહર્ષ સ્વીકારી અને

રામ બચન મૃદુ ગુઢ સુનિ, ઉપજા અતિ સંકોચ ।

અને પહેરેલી પાદુકા પ્રેમપુર્વક કૃપા કરી મને આપી. પરમકૃપાળુ ભગવાનની આવી કારણ રહિત કૃપા જોઈ ગદ્દગદ્દ થઈ ગઈ.

પ્રભુ કરી કૃપા પાંવરી દીન્હી....

ભગવાન ગલતાજીમાં પધારેલા ત્યાં ભંડારો કર્યો. સાથે થોડા ભાઈ બહેનો હતા. ભગવાન બપોરથી ઘેર પધારેલા. સાંજે બાપુજી બધો સામાન લઈ ટેમ્પોમાં ઘેર આવતા હતા. ત્યારે ટેમ્પો ઉંધો પડી ગયેલો પરંતુ પ્રભુકૃપાથી કોઈને કંઈ ઈજા થઈ નહીં. સાંજે બધા ઘેર આવ્યા. ભગવાન જયપુરથી દિલ્હી જવાનાં હતા. ટ્રેનનો ટાઈમ થઈ ગયો હોવાથી ભગવાનની સાથે જનારા બહેનો ઉતાવળ કરતા હતા.

વસંતભાઈ ટેકસી લેવા ગયેલા તેમને આવતાં થોડુ મોડું થયું તેથી સાથેનાં એક બહેનને કામાણી સોથ પરિચય હોવાથી ભગવાનને કહયું, ''મૈ કામાણી કે યહાંસે ગાડી મંગવા લૂં ?'' (કામાણીમાં બાપુજી નોકરી કરતા હતા તે હવે છોડી દીધેલી) આ સાંભળતા ભગવાને કહયું, ''ભાડમેં ગયા તુમારા કામાણી,'' ટેક્ષીની રાહ જોતા નીચે ઉભા રહયા. સાથે જનારને ગાડી ચુકી જવાનો ડર હતો તેથી અધીરા બનેલાને ભગવાને કહયું, 'ચિન્તા ન કરો જબ તક અપને લોગ સ્ટેશન નહીં પહૂંચેંગે તબ તક ગાડી નહીં આયેગી ખરેખર તે દિવસે ગાડી મોડી આવી.

(૩૩) તાત બાત ફુર રામ કૃપાહીં

ભગવાન દિલ્હી પધાર્યા ત્યાંથી લખેલો પત્ર મને મળેલો નહીં ત્યારે તે પત્ર ન મળવાનાં કારણો સમજાતા નહીં. આગળ જતાં સમજાયું કે સાથે રહેતી અમુક વ્યકિતઓ ભગવાનનાં પત્રો પોસ્ટ ન કરે અને મારા પત્રો ભગવાનને આપતા નહી. ભગવાનનાં હવેનાં પત્રમાં તેનું પ્રમાણ પણ મળે છે. ભગવાનનાં આગળનાં પ્રોગ્રામની માહિતી મારી પાસે નહોતી તો પત્ર કયાં લખવો ? દિલ્હીથી ભગવાન આબું પધાર્યા. ૧૯૬૨નાં જુનમાં ત્યાંથી પત્ર આવ્યો.

રામનામ શિવ સુમિરન લોગે, જાનેઉ જગતપતિ જાગે ।

(શ્રી રામચંદ્ર દ્વાય નમઃ।)

પ્રિય રમા સાદર આસીસ,

તુમકો દિલ્હીસે એક પત્ર દિયા થા મિલા હોગા પર તુમને ઉતર દિયા નહીં સંભવતઃ તુમકો મુઝસે અસંતોષ હૈ મૈં હિલ્હીસે સ્વાસ્થ ખરાબ હોને કે કારણ ટ્રેન દ્વારા આબુ આવા હું નહી તો મૈં જયપુર જરૂર ઠહરતા. મૈ ઈહાં પર વીસ દિન ઠહરનેકા વિચાર કરતાં હૂં કયાં પત્ર દોગી ? યદિ તુમારા મન ન હો તો પરાણે પત્ર ન દેના. સબકો આસીસ કહના.

આ પત્રનો જવાબ મેં મારી થોડી નારાજગી સાથે દુઃખ વ્યકત કરતાં લખેલો કારણ દિલ્હીથી આબુ જતા જયપુર સ્ટેશન વચ્ચે આવે છતાં દર્શનનો લાભ મળેલો નહી. આ બાબત મને જાણ કેમ ન કરી અને આટલા દિવસથી પત્ર ન હોવાથી નારાજગી સ્વાભાવિક હતી. તેનાં પ્રત્યુતરમાં બીજો પત્ર આવ્યો.

પ્રિય રમા સાદર આશીર્વાદ,

તુમારા સ્નેહા રહીત શુષ્ક પત્ર મિલા સંતોષ યહ ભી તો એક ગુણ હૈ. ઈસસે વૈરાગ્યકી ઉત્પતિ હોતી હૈ તુમ કિતની અચ્છી હો. દિલ્હીકા પત્ર મિલા નહીં યહ જાનકર થોડા ક્ષોભ હુઆ મુઝે ન ચાહો પર ભજન કરના સાધન ન છોડનાં વહ તુમારે જીવનકાં પરમ ધન હૈ.

સબકો આસીસ,

રણછોડદાસકા આસીસ

આ પત્ર મળતાં મન વધારે ખિન્ન બનેલું કારણ અતિ પ્યારા પાત્રને બહુ જલ્દી ઓછું આવી જાય તે સ્વાભાવિક છે. એક તો દર્શન આપ્યા વિના જતા રહયાં ઉપરથી જવાબમાં સહાનુભૂતિને બદલે, 'યહ ભી તો એક ગુણ હૈ ઈસસે વૈરાગ્યકી ઉત્પતિ હોતી હૈ તુમ કિતની અચ્છા હો મુઝે ન ચાહો પર ભજન કરના. 'વિગેરે શબ્દો વાંચતા ખિન્નતા વધવી સ્વાભાવિક હતી.

બાલમંદિરનાં બાળક અભ્યાસમાં જેમ જેમ આગળ વધે તેમ તેમ.

---

# સમજણ એ જ નારાયણ

**દિવાનો યુગ, વાળુટાણું,**
**ઝાલરએ વાતાવરણ નવી પેઢી ન જાણે,**
**એમ જ ઘરનાં મોભીનો**
**અંતિમ પડાવ**
**(ભરત ત્રિવેદી)**



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી**

એક રેસ્ટોરન્ટ ઢાબાનું નામ 'વાળુ ટાણું' રાખવામાં આવ્યું છે. કેટલું અર્થસભર નામ છે !! વાળુ ટાણું શબ્દ સાંભળતા જ એક આખો યુગ નજર સામેથી પસાર થઈ જાય એટલું અર્થસભર નામ રાખવા બદલએ રેસ્ટોરન્ટ, ઢાબાનાં માલિકને તેની નામની પસંદગી બદલ ખરેખર અભિનંદન આપવા જ પડે ! (અમુક યુવાવર્ગને જો સમય ન લખ્યો હોય તો બપોરે પણ ત્યાં ભોજન માટે પહોંચી જાય... એ આખી જુદી જ વાત છે !!)


આપણી ગામીણ, કાઠીયાવાડી અને દેશી સંસ્કૃતિને ઉજાગર કરતાં કેટલાય પડાવો, આયામો, અવસરે, રિવવાજો, એન શબ્દો, ત્થા અવશેષો કાળક્રમે લુપ્તતાનાં આરે ઉભાં છે. જેની સમાજને કોઈ વેદના ન થાય એ પણ સંવેદનાનાં પુર ઓસરી રહયા હોય તેવી જ બાબત ગણાય આપણી અસલ સંસ્કૃતિની જે ધરોહર ગણાય, કહેવાય, ઓળખાય અને પુજાય એવાં અનેક પડાવોથી આપણે વેગળા થઈ રહયાં છીએ, અળગા થઈ રહયાં છીએ. જે ખરેખર વેદના જન્માવે તેવી બાબત છે.આપણાની અર્ધ સદીએ જે પહોંચ્યા છે તે વર્તમાન સમયમાં ભલે ગમે તે સ્થળે સેટ થઈને સ્થાયી થઈને, પગભર થઈને રહેતાં હોય પણ તેની કાને આપણાં આ ભાતીગળ શબ્દો પડે એટલે એક જીવંત, મ્હેકતો, ખરા અર્થમાં ધમધમતો આખો યુગ જાણે નજર સામેથી પસાર થયેલો જરૂર અનુભવાશે !! અહિંયા નવાયુગનું કે નવી જનરેશનન, અને વ્યવસ્થાનું અવમૂલ્ય આંકવાની સ્હેજ પણ વાત નથી... પરંતુ જે આપણું મુળ છે. બેઈઝ છે. પાયો, આધાર અને ઓળખ છે. એ તત્વોની અવહેલનાં તો નથી થઈ રહીને ?! એ બહુ વિચારવા માટે પ્રેરતો વેધક પ્રશ્ન છે. !! હાલ જેઓ વૃધ્ધાવસ્થાએ પહોંચી ચુકયાં છે. એ વડીલો પાસે તો આ બધા જ સંસ્મરણો, અનુભવો અને જીવતરનાં દરેક રંગોને જાણ્યા–માણ્યાનું કેટલું મોટું ભાતુ (પાથેય) છે. પરિવર્તન જગતનો અફર અને આવશ્યક નિયમ છે. પરંતુ આજે પણ કોઈ શરીરથી ડગુમગુ થતું કરચલીઓથી લથબથ વ્યકિતત્વને જોઉ છું. ત્યારે પહેલી નજર તેમનાં ચરણ બાજુ જ જાય છે કે આ સાચુકલાં માણસોએ કેટલી મોટી જીવન સફર તય કરી લીધી છે. ?! અફસોસ છે કે આ ફાસ્ટયુગમાં તેમની પાસે બેસવા સાંભળવાનો પણ ઘણાં લોકો પાસે સમય જ નથી.!!

**(નવનીત : જે ગણી શકાય તે ખુટી જતું હોય છે !!)**

---

# સ્નેહનું સગપણ

**અનુભૂતિનાં અક્ષરો**
**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



ભાઈ–બહેનોનો સંબંધ એટલે સ્નેહનું સગપણ જેમાં પરસ્પર ભારોભાર વ્હાલ વરસતું હોય કેટકેટલા લડાઈ ઝઘડા છતાંય એકમેકની લાગણીમાં સહેજ પણ અંતરના આવે એવો અનમોલ નાતો. એટલે ભાઈ–બહેનનો સંબંધ. બેન માટે આખી દુનિયા એક તરફ અને એનો વીરો એક તરફ. ભાઈ માટે આખી દુનિયા સામે લડી જાય એ બેનને એજ રીતે બેન માટે પ્રાણ પાથરતો હોય ભાઈ. બેનનો ભાઈ, દોસ્ત, પિતા ને બોડીગાર્ડ એટલે ભાઈ.

આમ, તો આપણે ત્યાં ભાઈ–બહેનના સ્નેહ નિમિત્તે ભાઈ–બીજ અને રક્ષાબંધન જેવા તહેવારો ઉજવાય છે. તેમાં રક્ષાબંધનનું વિશેષ મહત્વ છે.

બહેન–ભાઈના કાંડે રાખડી એટલે કે રક્ષાનું બંધન બાંધે છે. જે ભાઈને બહેનની આજીવન રક્ષા કરવાની જવાબદારી સોંપે છે, ને ભાઈ પણ એ હોંશે હોંશે સ્વીકારે પણ છે અને આજીવન નિભાવે છે. બાળપણમાં લડતા–ઝઘડતા ભાઈ–બહેન એકબીજાના કાયમી આધાર હોય છે. બેન માટે ભાઈ કંઈપણ કરી છુટવા તૈયાર રહે છે. માતા–પિતા પછી ભાઈ જ બહેનની પરેશાની જોઈ નથી શકતો. એટલે મીઠો ને મમતાભર્યો સંબંધ હોય છે ભાઈ–બહેનો.જો કે આજકાલ, એક બાળકના સમયમાં ભાઈ–બહેનના સંબંધ પણ ટૂંકા થયા છે. વળી, હવે ભાઈ રક્ષા કરે અવું નથી.

આજકાલ તો દીકરીઓ પોતે જ પોતાની રક્ષા કરવા સક્ષમ હોય છે. ત્યારે, રક્ષાબંધનમાં રક્ષા બાંધી ભાઈ પાસેથી દરેક બહેને પોતાની રક્ષા કરવાનું વચન ભલે ના લે પણ એક એવું વચન લેવું કે દરેક બહેનની રક્ષા આપોઆપ થઈ જાય, એવું એક વચન.

તો દરેક બહેને પોતાના ભાઈ પાસેથી મળતુ સન્માન સ્વીકારી એટલું જ સન્માન ભાઈની નજર અને હૃદયમાં દરેક બેન, દીકરી કે સ્ત્રી માટે હોય તેવું વચન લેવું જોઈએ.

ભાઈઓએ પણ હવે બહેનોને એટલી સક્ષમ કરવામાં સહાય કરવી કે એ પોતાની મુશ્કેલીઓનો સામનો જાતે જ કરી શકે. ને દરેક સ્ત્રી મારી બહેનની જેમ કોઈકની દીકરી, બહેન, માં છે તો જેટલી ઈજ્જત આપણી બહેન માટે આપણે ઈચ્છીએ એટલી જ બીજી સ્ત્રીને પણ આપવી. ભાઈ–બહેનનો સંબંધ ભલે બંધાય છે. સુતરના કાચા તાંતણે પણ પોષાય છે પ્રેમના પાણીથી અને એકદમ પરિપકવ બને છે. બેન કયારેય પોતાના ભાઈ વિશે કંઈ સાંભળી શકતી જ નથી. બેન માટે ભાઈ શું હોય, એ કહેવું હોય તો....

**'ભાઈ એટલે ભીતરનો ભરોસો**
**ને હૈયાની હામ**
**મુસીબતોમાં મોટે ચડતુ સૌ**
**પહેલું નામ**
**પિતાનો પડછાયો ને**
**મા ની મમતાનું માન**
**બેન ભાઈની લાડકી ને**
**ભાઈ બેનનું અભિયાન...**
**દુનિયા આખી દુશ્મન જો,**
**ભાઈનું ના રાખે માન**
**બેનડીના હૈયામાં વીરાનું**
**સૌથી ઉચેરુ સ્થાન....**

આવા, ભાઈ–બહેનના સ્નેહનો તહેવાર એટલે રક્ષાબંધન. એ દિવસે આ સ્નેહના સગપણને ભાઈ બહેન ધામધુમથી ઉજવે છે. ને દરેક ભાઈ બહેનને અમૂલ્ય ભેટ, સોગાદો આપી ખુશ કરે છે. ત્યારે આ વર્ષે તહેવાર એજ તરીકો નવો અપનાવીએ દરેક ભાઈની નજરે દરેક બેનનું સન્માન સજાવીએ.

---

# સુધા હજી સુધી ઘરે કેમ ન આવી ?

## પુરૂષ બિચારો (કાલ્પનિક વાર્તા)

**કનુભાઈ દુધરેજીયા**
**રાજુલા**
**મો.નં. ૭૦૧૬૧ ૫૮૯૧૨**



જયશ્રીબેનને ચિંતા થવા લાગી ઘડીક દરવાજા બહાર ડોકું મારે..... પાછા આવે... હવે તો રાત્રિનાં આઠ વાગવા આવ્યા હતા. આમ તો દરરોજએ ટયુશનમાંથી છ વાગ્યે ઘરે પાછી ફરી જતી. શું કારણ હશે ? એ ઉપાધિમાં એટલા બધા ગરકાવ થઈ ગયેલ કે અંધારૂ થયું છતાં રૂમ ઓસરી લાઈટો શરૂ કરવાનું પણ ભૂલી ગયા, એતો સુધાના પાપા આવ્યા અને આવતાવેંત કીધું કે કેમ આજે અંધારૂં છે ? ત્યારે જયશ્રીબેનને યાદ આવ્યું એન તુરત બધી લાઈટો શરૂ કરી, બાથરૂમમાં હાથ–પગ મોં ધોઈ બહાર નીકળી ટુવાલથી હાથ લુછતા પુછયું ''સુધા બહાર ગઈ છે ? '' કેમ અવાજ આવતો નથી ''જયશ્રીબેનનું મોં જંખવાણું પડી ગયું, અને ડરતા ડરતા કહયું ના... હજી... આવી નથી... તેના મામા ના ઘરે જવાની હતી ? ચંદ્રવિરનું સાસરિયું પણ આજ શહેરમાં માં પાંચેક કિ.મિ.દુર હતું. ના... જાય તો કહિને જ જાય... તો ??? ચંદ્રવિરને પણ ધ્રાસ્કો પડયો, એકાદ કલાક ગયા પછી... જયશ્રી ચાલ તારા ભાઈનાં ઘરે તપાસ કરીએ. બન્ને મેઈનરોડ પર આવ્યા રિક્ષા મળતા તેનાં સાળા વરૂણના ઘરે પહોંચ્યા કેમ... બહેન ઓંચિતા ? સુધા ટયુશનમાં ગઈ.. પણ હજી સુધી ઘરે પરત આવી નથી.. તો અહિંયા આવી છે ?? ના.. એમને પણ ના કહી, એમનાં ભાભી બહાર આવી અંદર આવવા કહયું, બધા રૂમમાં બેઠા... ચારેય સૂમસામ પછી વરૂણે તેના બનેવીને કહયું ચાલો બનેવી આપણે બાઈક લઈ ટયુશન વાળા સાહેબનાં ઘરે જઈએ, મારા બહેન ભલે અહિંયા રહે તેને સાથે આવવાની જરૂર નથી. તેઓ ગયા તો સાહેબે કહયું હા એ તો સમય સર અહિંયા થી ઘરે ગઈ છે... સાહેબને પણ ઉપાધિ થઈ, આમ મોડી રાત્રે બન્ને ઘરે પરત આવ્યા, ભાભી એ જમી લોવા કહયું પણ કોઈ જમ્યુ નહી. સવારે વરૂણે કહયું બનેવી સુધા કયાંક ફસાઈ ગઈ લાગે છે.।।

હવે પોલીસમાં જાણ કરવી જોઈએ અને સવારે દસ વાગ્યે સુધાની ગુમ સુધાની નોંધ લખાવી... હજી અઢાર વરસ પણ પુરા થયા નથી. કોની જોડે પારાંવારિક સંબંધો, ટયુશનવાળા સાહેબનું નામ કોઈ જોડે કે આડોશ – પાડોશમાં તકરાર લડાઈ... ના એવું તો કઈ નથી તો ???? ચંદ્રવિરે થોડું યાદ કરતાં કહયું કે અમારા રહેઠાણની બે–ત્રણ શેરી આગળ નરેશ નામે એક તોફાની યુવાન એક દીકરીની છેડતી કરતા જોઈ મે અટકવા અને દીકરીને છોડી દેવા કહયું પણ એ ન અટકતા મેં રાડ પાડી સૌ આજુબાજુ વાળા ભેગા થઈ ગયા... યુવતીને મુકત કરાવી.. બધાએ મળી થોડો માર્યો પોલીસ બોલાવી સોપી દીધો.. પકડાયા છતાં બુમાબુમ કરતો મને કહેતો ગયો ચંદ્રવિર હું તને ભુલીશ નહી.. અને છોડીશ પણ નહીં... પોલીસે આશ્વાસન આપ્યું, અમે તપાસ શરૂ કરીએ છીએ.. ઘરે જવા કહયું અને રાત્રે પોલીસનો ફોન આવ્યો બન્ને સાળા– બનેવી પોલીસ મંથકે ગયા, પોલીસે સુધાને તેના બાપ સામે હાજર કરી દીધી, આ ગુનામાં પણ નરેશ જ સામેલ છે. મરજી ન હોવા છતાં, બળ જબરીથી અપહરણ કર્યુ, ઉંમર પણ સગીર છે ચંદ્રવિરે નરેશ વિરૂધ્ધ ફરિયાદ નોધાવી.. સુધાને લઈ બન્ને ઘરે આવ્યા... સુધા માં ને વળગી રડી પડી. મામા એ સાંત્વનાં આપી. જયશ્રીબહેન ને એક બાજુ બોલાવી વરૂણે કહયું બેન સુધાનું ધ્યાન રાખજે. આવેશમાં આવી કોઈ અઘટિત પગલું ભરી ન લે. એટલે કે આપઘાત ન કરી બેસે, બે–ચાર દિવસ ભાઈનાં ઘરે રોકાયા પછી પોતાનાં ઘરે આવતાં રહયાં.

કહે છે ને કે જેને વ્હાલાના વિયોગ હોય.... કરજ હોય... માથે શત્રુનો ભય હોય એ કયારેય સુખે ઉંઘી શકતો નથી આમ બે ચાર મહિના વિત્યા હશે એ વખતે એક બપોરે ચંદ્રવિર બાઈકમાં બેસી પોતાનાં ઘરે આવતા હતા તો રસ્તા વચ્ચે નરેશ રસ્તો રોકી ઉભો રહી ગર્યો, ચંદ્રવિરે બાઈક બીજી બાજુ લીધું તો એ બાજુ આવ્યો એને ગાડી ઉભી રાખી, નરેશે કાંઠલો પકડયો તો ચંદ્રવિરે વાળ પકડયાં.. થોડીવાર તો ધમાચકડી બોલી, દેકારો થયો બધા ભેગા થયા બન્ને ને છુટા પાડયાં... નરેશ દારૂ પીધેલો હતો. એ ચંદ્રવિર ને ધમકી આપતો હતો. તારી દીકરીને મુકીશ નહી.. ઉપાડી જઈશ. આ વખતે હું છેતરાઈશ નહીં પુરી ઉંમર થવા દે ચંદ્રવિર.... ।। તો તું પણ સાંભળી લે કે મારી દીકરી સામું જોઈશ તો હું પણ તારૂં લોહી પી જઈશ. ત્રેવડ હોય તો આજે.. મારી દીકરી ઉપર કુડી નજર કરનાર ને હું જીવતો નહીં જવા દઉ.. ચંદ્રવિર ફરી મારવા દોડયા પણ એ જતો રહયો. ઘરે આવી સાળા વરૂણને બોલાવ્યો.

એ સાંજે ઘરે આવ્યો, બનેવી એ બધી વાત કરી.. શું કરવું એ વિચારતા હતા. ત્યાં દસેક વાગ્યે કોઈએ જોરથી દરવાજો ખખડાવ્યો.. ચંદ્રવિર બહાર આવ અવાજ આવ્યો. નરેશ બપોરનો બદલો લેવા આવ્યો હતો. પછી તો જયશ્રીબેન અને સુધાને ગાળો આપવા લાગ્યો. ચંદ્રવિર સહન ન કરી શકયા એણે ગુપ્તી લઈ દોટ મુકી. વરૂણ પણ ધોકો લઈને દોડયો જેમ સિંહ શિકાર ઉપર તરાપ મારે એમ ચંદ્રવિરે પેલા ઉપર તરાપ મારી વરૂણે ધોકો મારતા એ પડી ગયો એટલી વારમાં તો ચંદ્રવિરે ગુપ્તી પેટમાં પરોવી દીધી. નરેશે ઓય બાપા છેલ્લી મરણ ચીસ પાડી.. પાડોશીએ દરવાજા ખોલ્યા પણ લોહી નીતરતા નરેશ ને જોતા ભયથી ફરી દરવાજા બંધ કરી દીધા. વરૂણે તેની બહેન અને ભાણેજને તુરત તાળુ મારવા કહયું..

પછી બંને ને રિક્ષામાં બેસાડી પોતાનાં ઘરે મોકલી દીધા, પછી બંને ત્યાંથી જતાં રહયા. નરેશની વિધવામાં ને ખબર પડતાં એ રોતી રોતી આવી, પોલીસે તેનું નિવેદન લઈ થાણામાં ફરિયાદ લીધી. આરોપીમાં ચંદ્રવિરનું નામ આપ્યું. પકડવા દોડધામ થઈ આરોપી ન પકડાતાં સુધા અને જયશ્રીબેનને પોલીસ મંથકે બોલાવ્યાની ખબર પડતાં બન્ને સાળો બનેવી સામેથી પોલીસ સમક્ષમાં હાજર થઈ ગયા.

# બગસરાનાં સમઢીયાળા ગામે પાણી–પુરવઠા યોજનાનું ભૂમિપૂજન કરાયું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરનાં ગ્રામ્ય વિસ્તારમાં ''નલ સે જલ યોજના'' અંતર્ગત ઘરે–ઘરે પીવાનું પાણી પાઈપલાઈન મારફત મળી રહે તે માટે પાણી–પુરવઠા વિભાગ દ્વારા શુક્રવારે ધારાસભ્ય જે.વી. કાકડીયા, સ્થાનિક આગેવાનો, ગામજનોની ઉપસ્થિતિમાં સમઢીયાળા ગામે સાકાર થનારી રૂપિયા ૩૮ કરોડની ઓવરહેન્ડ ટેન્ક, સમ્પ અને પાઈપલાઈનની કામગીરીનો પ્રારંભ પાણી–પુરવઠા બોર્ડનાં અમરેલીનાં નાયબ ઈજનેરની ઉપસ્થિતિમાં કરવામાં આવતા ગામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. એ ધારાસભ્યની કામગીરીની પ્રશંસા કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદનાં શહેરીજનો માટે

હેવી વાહનો આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય સતત રહેતો હોય આ બ્રિજ ઉપરથી સામાકાંઠાના વિધાર્થીઓ, સામાન્ય નાગરિકો, સતત અવર જવર રહે છે. જો જુના બ્રિજને રિપેરિંગ કરવામાં આવેતો આ જુના બ્રિજનુ આયુષ્ય વધી શકે છે. અને આ જુના પુલનું રીપેરીંગ તથા રિનોવેશન કરી હેવી વાહનો બંધ કરીને માત્રને માત્ર વિધાર્થીઓ માટે તથા સામાન્ય જનતા માટે આ જુના પુલને રીપેરીંગ તથા રીનોવેશન કરી ને ચાલું રાખવામાં આવેતો જનતા ભય મુક્ત તે જુના બ્રિજ ઉપરથી થી અવરજવર કરી શકે તેમ જનતા ને મોટી રાહત મળી શકે તેમ છે. જે નવો પુલ છે તેની બન્ને બાજુ ઉંચો ઢાળ હોવાથી હેવી વાહનો પોતાનું સંતુલન ગુમાવી શકે છે. તેમજ આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય રહેતો હોય છે. અને માનવ જીંદગી અકસ્માતમાં હોમાઈ તે પહેલાં આ જુના બ્રિજને જનતા માટે રિનોવેશન કરીને ચાલુ રાખવામાં આવેતો નાગરિકોને મોટી રાહત મળી શકે તેમ છે.અને અકસ્માતનું પ્રમાણ ઘટી શકે તેમ છે. અત્રે નોંધવું જરૂરી છે કે તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં એક રીટ પિટિશન (પી.આઈ.એલ.) દાખલ કરવામાં આવેલ હતી તે અંગે નો હાઈકોર્ટ તારીખ ૨૨/૦૨/૨૦૨૩ના હુકમ અન્વયે આદેશ કરેલ છે. કે કોઈ પણ જર્જરિત અથવા ભયગ્રસ્ત સ્થિતીમાં રહેલ બ્રિજ તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં આવે આ જુના પુલ ઉપરથી સામે કાંઠેના રહેતા વિધાર્થીઓ અભ્યાસ કરવા માટે અવર જવર કરવા માટે તેમજ સામાન્ય જનતાને પણ અવર જવર કરવા માટે અને મોટરસાયકલ માટે ખુબજ અનુકૂળ છે. અને બાજુમાં આવેલ નવો પુલ ઉપરથી મહાકાય વાહનો ચલતા હોય અને સાથે સાથે ફોર વ્હિલર ચાલતા હોય અને આ નવા પુલ ઉપરથી સામાન્ય જનતા તેમજ વિધાર્થીઓ અવર જવર કરતા હોય અકસ્માતનો સતત ભય રહેલો હોય પ્રવર્તમાન સમય માં ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની હોય ગમે ત્યારે અકસ્માતનો ભય રહેલો છે. તેવી રજૂઆત સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ (એનજીઓ) સંસ્થા દ્વારા કરવામાં આવી છે.આ બાબતે જાહેર બાંધકામ ખાતાના જવાબદાર અધિકારી ધ્યાન નહીં આપે તો હાઈકોર્ટમાં કોડ ઓફ કન્ટેમ્પ્ટ કરવામાં આવશે કોર્ડના આદેશ ના તીરસ્કારની હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવશે તેની ગંભીર નોંધ સંબંધિત અધિકારીઓએ લેવા જણાવાયું છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં નટવરનગરમાં

નટવરનગરમાં આવેલ મસ્જીદનાં પ્રમુખ બનતા બગસરા ગામે રહેતા નૌશાદભાઈ યુનુસભાઈ ખોખરને સારૂ નહી લાગતા તે વાતનું મનદુઃખ રાખી આરોપી નૌશાદભાઈએ ડ્રાઈવર આધેડને પાવડા વડે માર મારી જમણા પગે ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે નૌશાભાઈ ખોખરે આરોપી બાદલભાઈ સૈયદને ખોટી વાતો નહી કરવાનું કહેતા બોલાચાલી કરી આરોપીએ નૌશાદભાઈને છરી વડે ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** દુઃખદ અવસાન/ઉઠમણું સાવરકુંડલા ભાગ્યશ્રીબેન મોહનભાઈ વડેરા(ઉ.વ.૯૦) (ખાંભાવાળા) તે યશપાલભાઈ, સ્વ રસિકભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. રમણીકભાઈ, બટુકભાઈ અને અશોકભાઈનાં માતુશ્રીનું દુઃખદ અવસાન તા. ૨૬/૮/૨૦૨૩ નાં શનિવારે થયું છે. સ્વર્ગસ્થનું ઉઠમણું તા. ૨૮/૮/૨૩ ને સોમવારે સાંજે ૪ થી ૫:૩૦ સુધી લોહાણા વિધાર્થી ભુવન, મહુવા

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચે ના પરિશિષ્ટ માં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે. અને તેના માલીક (૧) શાંતાબેન પરશોતમભાઈ (૨) કેલાસબેન પરશોતમભાઈ (૩) ગોરધનભાઈ પરશોતમભાઈ (૪) કમલેશભાઈ પરશોતમભાઈ (૫) જયોત્સનાબેન પરશોતમભાઈ રે. ગમાપીપળીયા તા. બાબરા વાળા સાથે ખરીદ કરવા નું નકકી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણ નો વેચાણ , ગીરો , બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકાર નો હકકહિત હોય, બોજો , ચાર્જ, લીયન , ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર / લખાણ કે અન્ય કોઈ પ્રકાર નો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લા ના બાબરા તાલુકાના મોજે :– ગમાપીપળીયા ગામના, ખેડ ખાતા નં–૪૯૯ રે.સ.નં. ૨૪૮ પૈકી ૧ / પૈકી ૧ ની કુલ જમીન હે. ૧–૯૫–૨૭ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી હે. ૦–૫૬–૬૫ ચો.મી. જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.**

તા. ૨૭/૦૮/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## પાના ૧ ઉપરનું ચાલું કોંગ્રેસ આગામી તમામ ચૂંટણીમાં

કારણોસર આત્મવિશ્વાસથી ભાજપને પરાજિત કરી રહ્યા છે. તેને લઈને દેશનાં વરિષ્ઠ પત્રકારો માને છે કે બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર સહિતનાં અનેક પ્રશ્નો દેશમાં વિકરાળ બન્યા હોય તેમજ વિપક્ષી નેતાઓની એકતાનાં જોરે તેઓ ભાજપને પરાજિત કરવાનો દાવો કરી રહ્યા છે. ત્યારે રાહુલ ગાંધીનો દાવો કેટલો સાચો રહે છે તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા સહિત અનેક શહેરોમાં

ટેમ્પો કે ટ્રક ભરાય એટલે દૂર શહેરોમાં કતલખાને વેચી આવે. બીજુ કારણ એ છે કે, ખેતીમાંથી બળદની બાદબાકી થઈ ગઈ છે અને હવે તેની જગ્યા ટ્રેકટરે લઈ લીધી છે જેને કારણે આખલાઓની વસતી ખુબજ ઝડપી વધી રહી છે. આ માટે તાત્કાલીક કોઈ ઉકેલ નહીં લવાય તો હજી વધુ ભયંકર પરિણામ ભોગવવા સમાન્ય પ્રજાએ તૈયાર રહેવું પડશે.

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચે ના પરિશિષ્ટ માં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે. અને તેના માલીક ભાલુ નાગજીભાઈ રત્નાભાઈ રે. મીયાખીજડીયા તા. બાબરા વાળા સાથે ખરીદ કરવા નું નકકી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર / લખાણ કે અન્ય કોઈ પ્રકાર નો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૩નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– મીયાખજડીયા ગામના, ખેડ ખાતા નં–૨૩૮ રે.સ.નં. ૮૮ પૈકી ૩ ની કુલ જમીન હે. ૨–૮૧–૨૬ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી હે. ૦–૪૦–૪૭ ચો.મી. જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.**

તા. ૨૭/૦૮/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભાનાં ડેડાણ ગામે

કરતા જથ્થા બાબતે તપાસણી ટીમને જરૂરી સંતોષકારક આધારો મળી આવેલ ન હોવાથી અલાઉદ્દીનભાઈ રહેમાનભાઈ ખોખરની માલીકીનાં ઘઉં ૬૪૬૮ કીલો ચોખા ૧૭૬૦૯ કીલો તથા વજનકાટો ૧ મળી કુલ રૂા. ૬,૭૦,૬૮૮ (અંકે રૂપિયા છ લાખ સીત્તેર હજાર છસો અઠયાસી પુરા)ની કિંમતનો જથ્થો સીઝ કરેલ હતો. જે તમામ ઘઉં તથા ચોખાનો મુદ્દામાલ તથા વજન કાંટો સહિત સીઝર હુકમ કરી તેની માલીકીનાં ગોડાઉનને સીલ કરી રાખી મુકવામાં આવેલ હતો. તેમજ આ કામે અલાઉદ્દીનભાઈ રહેમાનભાઈ ખોખરનું નિવેદન લેતાં ઉપરોકત તમામ મુદ્દામાલ પોતાનો હોવાનું જણાવેલ હતું. જે રેઈડ દરમ્યાન મુદ્દામાલનાં ઘઉં, ચોખા સરકારનાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતાં ઘઉં, ચોખા કોઈપણ રીતે મેળવી તેનો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરી તેને ખુલ્લા બજારમાં વધુ નફો મેળવવાનાં આર્થિક લાભનાં ઈરાદાથી ખરીદ વેંચાણ બાબતે સક્ષમ અધિકારીની પરવાનગી કે, લાયસન્સ વિના વેંચાણ કરી, અને ઘઉં ચોખાનાં જથ્થાનાં ખરીદ વેચાણ અંગેનાં હીસાબો કે રેકર્ડ નહી રાખી, ગોડાઉન સ્થળે ભાવ પત્રક નહી રાખી, ખરીદ વેચાણ અંગેની બીલ બુક નહી રાખી, જથ્થાની વિગત અંગે કોઈ સ્ટોક રજી. નહી રાખી, નાણાકીય લેવડ દેવડ અંગે કોઈ બિલ બુક નહી રાખી અને સરકારના ગરીબ કુટુંબોને મફતમાં અનાજ પુરૂ પાડવાનાં ઉદ્દેશ્યમાં અડચણરૂપ પ્રવૃતિ કરી હોવા અંગેની પોલીસમાં ફરીયાદ ખાંભાના મામલતદારે નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે. અને તેના માલીક (૧) ભોજાભાઈ દેવાયતભાઈ (૨) જનુબેન ભોજાભાઈ કનાળા (૩) વિજયભાઈ ભોજાભાઈ કનાળા (૪) કાજલબેન ભોજાભાઈ કનાળા (૫) રેખાબેન ભોજાભાઈ કનાળા (૬) જયદેવભાઈ ભોજાભાઈ કનાળા રે. મીયાખીજડીયા તા. બાબરા વાળા સાથે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩ (ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ –૦૩નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– મીયાખજડીયા ગામના, ખેડ ખાતા નં–૨૦૪ રે.સ.નં. ૧૩ પૈકી ૬ની કુલ જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી હે. ૦–૪૦–૪૭ ચો.મી. જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.**

તા. ૨૭/૦૮/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૪૦ | ૧૪૧૧ |
| ૨ | શિંગ મઠડી નવી | ૮૦૧ | ૮૦૧ |
| ૩ | શિંગ મોટી | ૧૧૪૫ | ૧૬૦૪ |
| ૪ | શિંગદાણા | ૧૨૬૦ | ૧૯૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૯૦૦ | ૩૨૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૫૩ | ૩૫૦૩ |
| ૮ | બાજરો | ૩૧૦ | ૩૯૭ |
| ૯ | જુવાર | ૩૩૩ | ૯૭૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૨ | ૫૬૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૨ | ૫૩૫ |
| ૧૨ | મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ૧૩ | મગ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૧૪ | ચણા | ૮૧૦ | ૧૧૦૧ |
| ૧૫ | ચોળી | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૨૦૭૬ |
| ૧૭ | કપાસ | ૧૦૧૫ | ૧૫૯૨ |
| ૧૮ | નવો કપાસ | ૧૪૩૬ | ૧૫૪૫ |
| ૧૯ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | જીરૂ | ૯૫૨૦ | ૯૫૨૦ |
| ૨૧ | ધાણા | ૧૨૨૯ | ૧૩૬૦ |
| ૨૨ | સોયાબીન | ૮૦૫ | ૯૨૦ |
| ૨૩ | સુવાદાણા | ૩૩૯૦ | ૩૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૧૫૧ |
| ૨ | શીંગ નવી | ૭૫૧ | – |
| ૩ | શીંગ દાણા | ૧૧૫૧ | ૧૧૪૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | – |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૬૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૩૩૦૦ |
| ૭ | કપાસ નવો | ૧૦૪૫ | ૧૫૭૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૮ | ૧૫૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૩૫ |
| ૧૦ | બાજરો | ૩૭૦ | ૫૬૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૪૩૦ |
| ૧૨ | મકાઈ | – | ૯૭૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૫૦૩ |
| ૧૪ | દેશી ચણા | – | ૧૧૫૧ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૫૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૯૧ |
| ૨ | ઘઉં | ૪૮૧ | ૫૦૦ |
| ૩ | ચણા | ૮૨૦ | ૧૦૫૦ |
| ૪ | ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૫ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૬ | શીંગદાણા | ૨૦૦૫ | ૨૦૦૫ |
| ૭ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૯૭૦ | ૧૧૦૦ |
| ૩ | લસણ | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | તુવેર | ૯૫૧ | ૯૫૧ |
| ૫ | સોયા | ૬૭૦ | ૮૯૭ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૨ | ૪૮૪ |
| ૭ | શીંગદાણા | ૧૬૭૫ | ૧૮૬૫ |
| ૮ | મગફળી | ૯૦૧ | ૧૪૨૫ |
| ૯ | ધાણા | ૯૪૦ | ૧૧૧૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૦૦ | ૧૫૮૦ |
| ૨ | ઘઉં | ૪૧૬ | ૫૨૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૪૦ | ૨૭૨૫ |
| ૩ | તલ કાળા | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૫૧૧ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૪૩૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૩ |
| ૭ | જુવાર | ૫૫૦ | ૧૦૫૧ |
| ૮ | ચણા | ૮૬૫ | ૯૪૧ |
| ૯ | અજમા | ૨૩૦૧ | ૨૫૦૧ |

# બગસરા ખાતે જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે જિલ્લાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જિલ્લાભરની તાલુકાની શાળાએ ભાગ લીધો જીલ્લામાં કુલ ૨૮ ટીમ ભાઈ–બહેનો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજવામાં આવી. જેમાં વિદ્યાર્થી ભાઈઓ–બહેનો ઉત્સાહ સાથે ભાગ લીધો. જેમાં જિલ્લાની વોલીબોલ સ્પર્ધામાં અંડર ૧૯ એકટ–૧૭ અં.–૧૪ની ટીમમાં રાજુલા–બગસરા તાલુકાની ટીમ પ્રથમ નંબરે આવેલ હતી. જેમને વોલીબોલ સ્પર્ધા બાળકોને પ્રોત્સાહિત કરવા ધારી વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા ન.પા.પ્રમુખ પરેશ ખીમસૂરિયા, રાજુભાઈ ગીડા, ધીરૂભાઈ કોટડીયા રનિભાઈ ડોડીયા, એ.વી.રીબડિયા, રંજનબેન ગોહિલ, ડો. કામડીયા, રમેશભાઈ ગોહિલ, જિલ્લા વ્યાયામ સંઘનાં પ્રમુખ પી.ડી.મિયાણી શાળા આચાર્ય વી.કે. જેઠવા, રમતગમત અધિકારી તાલુકા કન્વીનર મનોજભાઈ મહિડા જિલ્લામાંથી પધારેલ વ્યાયામ શિક્ષક ભાઈ–બહેનો, કોચ સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

### પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે

# સદ્ભાવનાં બળદ આશ્રમ અને શ્વાન આશ્રમમાં દાન આપવા અપીલ

## ૭૦૦ બળદ અને ૧૩૫ શ્વાનોને આશરો અપાઈ રહ્યો છે

રાજકોટ, તા.૨૬

સદભાવનાં વૃદ્ધાશ્રમ દ્વારા બળદ આશ્રમ અને શ્વાન આશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતનાં કોઈપણ ગામ શહેર, હાઈ–વે પર બળદ છુટા, રખડતા, લાચાર–બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર બળદોને સદભાવનાં બળદ આશ્રમ દ્વારા આશરો અપાઈ રહયો છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ – તરસ – બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવનાં વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશૂલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૭૦૦ જેટલા બળદોને 'સદભાવનાં બળદ આશ્રમ' ખાતે આશરો અપાયો છે.



શ્વાનએ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને, બીમાર પડીને, ઉંમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવનાં વૃદ્ધાશ્રમ દ્વારા 'સદભાવના શ્વાન આશ્રમ' ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઉભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા, ફેકચરવાળા, અંધ, અપંગ શ્વાનોને કાયમી આશરો મળી રહયો છે. તેમજ તેમને જરૂરી સારવાર, સુવિધાઓ મળે છે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવે છે અને એક પરિવારનાં સભ્યની જેમ તેમનો નિર્વાહ કરવામાં આવે છે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહયા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. પવિત્ર શ્રાવણ માસ નિમિતે સદભાવનાં બળદ આશ્રમ અને શ્વાન આશ્રમમાં દાન આપવા અપીલ કરવાં આવી છે.

સદ્ભાવનાં બળદ આશ્રમ : છતર ગામ, મોરબી હાઈ–વે, રાજકોટ (મો.૭૬૨૧૦૫૮૯૪૮) સદભાવનાં શ્વાન આશ્રમ : જામનગર રોડ, ખંઢેરી સ્ટેડિયમની સામે, ગારડી કોલેજની બાજુમાં રાજકોટ (મો. ૭૪૮૫૯ ૨૨૨૨૪)

# સા.કુંડલાની પ્રાથમિક શાળામાં શિવજીનો પવિત્ર કાર્યક્રમ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરમાં ભૂલકાઓની માનીતી શાળા પ્રિયાંશી પ્લે હાઉસ તથા આર.કે. પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસ નિમિતે શિવપૂજાનો પવિત્ર કાર્યક્રમ યોજાયો.


ભૂલકાઓએ હોંશે હોંશે ખૂબ ભાવથી અબીલ ગુલાલ કંકુ ચોખા અને બિલ્વપત્ર દ્વારા શિવલિંગની પૂજા કરી. આ પવિત્ર પ્રસંગે ભજન, ધૂન અને શિવસ્તુતિ પણ કરવામાં આવેલ.

સાવરકુંડલા શહેરમાં જેસર રોડ પર આવેલ ભૂલકાઓની માનીતી શાળા પ્રિયાંશી પ્લે હાઉસ તથા આર કે પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસ નિમિતે ધોરણ ૧ થી ૮ ના બાળકોએ માટીનાં શિવલિંગ, ત્રિશૂળ, ડમરું વગેરે ઘરેથી બનાવીને લાવેલા. અહીં શાળા સંકુલમાં અહીં બાળકોએ પોતે જ સ્યંમ પોતાના કરકમળો દ્વારા અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, બિલ્વપત્ર, ફૂલો વગેરે પૂજા સામગ્રી સાથે શિવલિંગનું પૂજન ખૂબ જ આસ્થા અને ઉત્સાહ સાથે કરેલ. આ પવિત્ર પ્રસંગે ભોળાનાથના ભાવથી સ્મરણ સાથે ધૂન, ભજન શિવસ્તુતિ કરીને વાતાવરણ ખૂબ જ આધ્યાત્મિક અને પવિત્ર બનતાં સમગ્ર આભામંડળમાં પવિત્ર તરંગોથી ગુંજી ઉઠયું હતું.

આ સમગ્ર આસ્થામય કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી રાજેશભાઈ આસનાની તથા આચાર્યા કોમલબેન આસનાની તથા અન્ય કર્મચારીગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# નારદ

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા

સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક



સિદ્ધ હોય છે. કપિલજી જન્મજાત સિદ્ધ છે. આથી એમને આદિસિદ્ધ પણ કહેવામાં આવે છે. તેઓ સાંખ્યના આચાર્ય અને સવળા સિદ્ધોનાં ગણાધીશ છે. એટલા માટે ભગવાને એમને પોતાની વિભૂતિ તરીક વર્ણવ્યા છે.

અઢાર મુખ્ય પુરાણોનાં બીજા અઢાર ઉપપુરાણો છે. તેમાં કપિલ મહર્ષિનાં નામનું પણ એક ઉપપુરાણ છે.

સામાન્ય જનલોકને વેદાંત સમજાવવા માટે પ્રકૃતિપુરૂષનો વિવેક એન તત્વોની સંખ્યા સંબંધમાં કપિલ મહર્ષિની જેમ બીજા કેટલાક આચાર્યોએ પણ પ્રયત્ન કર્યો છે. વેદાંતશાસ્ત્ર સમજાવવા માટે (૧) સાંખ્યદર્શન (કપિલ), (૨) વૈશેષિક દર્શન (કણાદ), (૩) ન્યાયાદશૃન (ગૌતમ), (૪) યોગદર્શન (પતંજલિ), (૫) કર્મ યા ધર્મમીરાસદર્શન (જૈમિનિ) અને (૬) બ્રહ્મમીમાંસા કિંવા વેદાંતદર્શન (વ્યાસ) એ મુખ્ય છ દર્શનશાસ્ત્રનાં પ્રણેતાઓ છે.

આ બધાં છ મૂળ દર્શનોમાં સૌપ્રથમ એવું કપિલનું સાંખ્ય દર્શન છે. જેમાં બ્રહ્મ કે પરત તત્ત્વને સમજવાની વિશેષ દ્રષ્ટિ છે.

ભીષ્મ જેવા મહાજ્ઞાનીએ જેમને જ્ઞાનનો ભંડાર કહીને નવાજયા છે તેવા કપિલ ગૌતમઋષિનાં મુખ્ય શિષ્યનું સ્થાન પામ્યા છે. આસુરિએ સાંખ્યદર્શનનું જ્ઞાન કપિલ પાસેથી લીધું છે. તે વાતની પ્રતીતિ આ શ્લોક થકી આપણને મળે છે.

પંચમ : કપિલો નામસિદ્ધેશ : કાલવિલુપ્તમ્।
પ્રોવાચસુરયે સાંખ્યં તત્ત્વગ્રામવિનિર્ણયમ્।

અર્થાત્ : 'કાલમાં વિલુપ્ત થઈ ગયેલા સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ મહર્ષિ કપિલે જ સાંખ્યનાં પ્રસિદ્ધ આચાર્ય આસુરિને આપ્યો હતો.''

આચાર્ય આસુરિના શિષ્ય પંચશિખ, પંચશિખ પાસેથી ઋષિ જૈગીશ્રવ્યે શિષ્યત્વ ગ્રહણ કર્યુ હતું. એ આચાર્યોએ સાંખ્યદર્શનનો પ્રચાર કર્યો.

બૌદ્ધ દર્શન અસતમાંથી સતની ઉત્પતિમાં માનતું હતું. પણ કપિલનાં સાંખ્યે જાહેર કરેલું કે સતથી સત જ ઉત્પન્ન થાય, સત કયારેય અસત થતું નથી.

''કપિલસ્મૃતિ'' તેમનું મહત્વનું ધર્મશાસ્ત્ર છે તેમાં એકસો શ્લોકોનો એક એવા દસ અધ્યાય છે. 'પંચશિખવાકય'માં આવતાં 'તન્ત્ર' પદનો આધાર લઈ કેટલાક વિદ્વાનો 'પષ્ટીતંત્ર' ને કપિલની કૃતિ ગણે છે. અનિરૂદ્ધ અને વિજ્ઞાનભિક્ષુ 'સાંખ્યસૂત્ર' ને તેમ જ 'તત્વસમાસસુત્ર'ને કપિલની કૃતિઓ ગણે છે. કપિલમુનિનાં પુત્ર શાલિહોત્રે અશ્વશાસ્ત્ર રચ્યું.

મહર્ષિ કપિલ દાર્શનિક હોવાની હોવાની સાથે સાથે વિજ્ઞાની પણ હતા. વિશ્વરચના – વિજ્ઞાનના પ્રવર્તક પણ કપિલમુનિ જ છે. અણુઓ એન પરમાણુઓનું ગહન અધ્યયન કરી, એમણે બ્રહ્માંડની ઉત્પતિ તથા નિષ્કિય ઉર્જાશકિતની હાજરીને સ્પષ્ટ કરી. એમનાં દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતોને આધુનિક વૈજ્ઞાનિકોએ પણ માન્યતા આપી છે. વર્તમાન વિજ્ઞાનીઓ તેમેન સૃષ્ટિવિકાસ સંબંધી સિદ્ધાંતોને આધુનિક વૈજ્ઞાનિકોએ પણ માન્યતા આપી છે. વર્તમાન વિજ્ઞાનીઓ તેમને સૃષ્ટિવિકાસ સંબંધી સિદ્ધાંતનાં આદ્ય પ્રવર્તક માને છે. આજનું વિજ્ઞાન કબૂલે છે કે શૂનયમાંથી શૂન્ય જ ઉત્પન્ન થાય. પદાર્થનો કયારેય નાશ થતો નથી. કપિલે આશરે ચાર હજાર વર્ષ પહેલાં 'સાંખ્યદર્શન'માં આ જ વાત જણાવી છે. 'સાંખ્યદર્શન'નો પહેલો સિદ્ધાંત એ છે કે આ સંસારમાં કોઈપણ નવી વસ્તુ ઉત્પન્ન થતી નથી.

કપિલમુનિએ યજ્ઞપ્રથાનો વિરોધ કર્યો છે. એન જ્ઞાનયજ્ઞને અનુમોદન આપ્યું છે. આમ જોતાં ભગવાન કપિલ મહર્ષિ વેદમાર્ગનું અવલંબન કરનારા હોઈ પુર્ણ અદ્વૈતપદમાં સ્થિત થયેલા એવા બ્રહ્મજ્ઞાની હતા. ભગવાન બુદ્ધનાં સમય પહેલાનાં મૌલિક વિચારક તરીકે તેઓ સુપ્રસિદ્ધ હતા.

કપિલ એટલે જ્ઞાનમૂર્તિ, સાંખ્યશાસ્ત્રનાં પ્રથમ દર્શનકાર, જેમણે સાંખ્યયોગનું પ્રદાન કરીને સમસ્ત વિશ્વમાં જ્ઞાનસુર્યનો ઉદય કર્યો અને માનવીને પરમ સત્ય. બ્રહ્મ, જીવ, જગત, ત્રિગુણાત્મક વિશ્વપ્રકૃતિ એન મોક્ષપ્રાપ્તિનું જ્ઞાન આપ્યું.

કપિલમુનિને આપણે જ્ઞાનકાંડનાં આચાર્ય અને ભવિષ્યદ્રષ્ટા ગણી શકીએ. આવો જ ભાવાર્થ વ્યકત કરતાં સુત્રો વેદોમાંથી મળી આવે છે. 'આવા તત્ત્વજ્ઞ હોય તેવા ત્રણ જ ઋષિઓ છે : કપિલ, વામદેવ એન શુકદેવ.''

જો ત્રેતાયુગનાં જગદગુરૂ વત્તાત્રેય છે, દ્વાપરયુગનાં જગદગુરૂ વેદવ્યાસ છે,

કલિયુગનાં જગદગુરૂ આદિ શંકારાચાર્ય છે, તો સતયુગનાં ગુરૂ કપિલમુનિ છે. ( ક્રમશઃ)

### પ્રિન્સીપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા

# અમરેલીની જી.જી.બેન ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ચંદ્રયાન–૩ની સફળતાની ઉજવણી

## ટ્રસ્ટીઓએ શાળા પરિવારને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાની બહેનોની કેળવણીક્ષેત્રે અગ્રેસર સંસ્થા શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ–અમરેલી ખાતે વિશ્વ ફલક પર ચાર ચાંદ લગાવી દે તેવી અવિસ્મરણીય ઘટના ધરતી પર સફળ ચંદ્રયાન–૩નું ઉતરણ.

આ ઈસરોનાં ભારતનાં વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિકોનાં મિશનની સફળતાથી ભારતે અવકાશ ક્ષેત્રે હરણફાળ ભરી છે તે ક્ષણને શાળાનાં પ્રિન્સીપાલ રોહિતભાઈ મહેતાએ શાળામાં તમામ વિદ્યાર્થીની બહેનો સમગ્ર સ્ટાફ સાથે શાનદાર ઉજવણી કરેલ ત્યારે શાળાનાં સુપરવાઈઝર ઈલાબેન, માંજરીયાભાઈ, ઝાલાભાઈ તેમજ શાળાની વિદ્યાર્થીની બહેનો કુ. સિમોન, કુ.મિરા, કુ. હેમાંક્ષીબેને વિસ્તૃત માહિતી આપેલ તે ક્ષણે શાળાનાં ટ્રસ્ટીઓએ આ કાર્યક્રમની શાનદાર ઉજવણી કરવામાં આવે તે સૌને માર્ગદર્શન પુરું પાડીને બિરદાવેલ તેમ શાળાનાં આચાર્યએ જણાવેલ.



### ધોરાજી ખાતે યુથ હોસ્ટેલ વિક અંતર્ગત

# અમરેલીનાં પર્યાવરણવિદ્ બિપિનભાઈ જોષીએ પરિસંવાદને સંબોધન કર્યુ

## યુવાનોને પર્યાવરણ અંગે જાણકારી આપી

અમરેલી, તા.૨૬

ધોરાજી યુનિટ દ્વારા 'યુથ હોસ્ટેલ વિક' ના ૫ માં પડાવે Save ecologi and evironment work shop પર્યાવરણ પરીસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપ કે.ઓ.શાહમ્યું. આર્ટ્સ એન્ડ કોમર્સ ધોરાજી ખાતે આયોજન કરવામાં આવેલ.

આ વર્કશોપને ડો.રોકડ પર્યાવરણ વિદ બીપીનભાઈ જોશી, વિનુભાઈ ઉકાણી, હરેશભાઈ ત્રિવેદી વિગેરે મહાનુભાવોએ દીપ પ્રાગટય કરી સેમિનારને ખુલો મુકયો.

આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.રોકડે કોલેજ વતી સૌનું સ્વાગત કર્યુ અને આમંત્રિત સૌ મહેમાનોનું સુતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું પ્રિન્સિપાલએ પર્યાવરણ ઉપર પોતાના વિચારો વ્યકત કર્યા અને હવે કોલેજમાં પણ આ વિષય દાખલ કરવામાં આવ્યા છે. એન તેની મહત્વતા સમજાવી. વિનુભાઈ, હરેશભાઈએ યુથ હોસ્ટેલ સંસ્થાનો પરિચય આપ્યો. પર્યાવરણ ઉપર પોતાનાં વિચારોથી વિદ્યાર્થીઓને માહીતગાર કરી તેમની સાથે સંવાદ યોજયો. અંતે પ્રો.સાવલીયા સૌ નો આભાર માન્યો અને હરેશભાઈએ યુવાનોને યુથ હોસ્ટેલમાં જોડાવવા વિનંતી કરી.




# જાફરાબાદનાં માછીમારી સમાજમાં અગ્રણીઓની મહત્વનાં સ્થળો પર વરણી



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ બંદરનાં સુકી મચ્છીનાં (DRY FISH) વેપારી એસોસિએશન દ્વારા ખારવા સમાજ માચ્છીમાર બોટ એસોસિએશનનાં પ્રમુખ કનૈયાલાલ સોલંકીને ભારત સરકારનાં ''પોર્ટ શિપિંગ અને વોટર વેઈઝ'' મિનિસ્ટરી દ્વારા ભારતનાં તમામ માચ્છીમારોનાં પ્રતિનિધિ તરીકે સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમજ ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાનાં પોલીસ સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે ભગુભાઈ સોલંકીની નિમણુંક કરવામાં આવી.

તે બદલ તમામ સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ તકે તમામ માચ્છીમાર સમાજ ખુબ જ ખુશ છે અને ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો તેમજ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે કે માચ્છીમાર સમાજનાં દિકરાને સ્થાન આપ્યું છે.

### આગામી મહિનાનાં પ્રારંભે

# સા.કુંડલાનાં કબીર ટેકરી આશ્રમ ખાતે મહોત્સવ યોજાશે

## વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે સદ્ગુરૂ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબની ૪૨ મી પુણ્યતિથિ નિમિત્તે અલૌકિક અનુભૂતિ પ્રાપ્ત થાય તેવો ભવ્યાતિભવ્ય મહોત્સવ યોજાશે.

સાવરકુંડલા શહેરમાં સેવાનાં ધામ સમા કબીર ટેકરી આશ્રમ ખાતે સદ્ગુરૂ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબની ૪૨ મી પુણ્યતિથિ નિમિત્તે અલૌકિક અનુભૂતિ સભર ભવ્યાતિભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

સાવરકુંડલામાં તારીખ ૪ અને ૫ મી સપ્ટેમ્બરનાં રોજ સદ્ગુરૂ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબની ૪૨મી પુણ્યતિથિ નિમિત્તે મહોત્સવ અને સંત સાગરદાસની સમાધી મંદિરનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. આ પાવન પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેવા કે સત્સંગ, ધર્મસભા, મહાપ્રસાદ, ગરબા, ધ્વજારોહણ, શોભાયાત્રા જેવાં કાર્યક્રમો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે અને પ્રસંગની દિવ્ય અનુભૂતિનો લ્હાવો લેશે. એમ સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટના અધ્યક્ષ મહંતશ્રી નારાયણદાસ સાહેબની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

આ પ્રસંગનો લ્હાવો લેવા માટે ભાવિકોને હાર્દિક નિમંત્રણ પણ પાઠવવામાં આવી રહ્યાં છે. પ્રસંગની ઉજવણી કરવા માટે તડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે.

### શાળાનાં મુખ્ય ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતરે શુભેચ્છા પાઠવી

# બાબરા : કરિયાણા ગામે યોજાયેલ રમતોત્સવમાં પંચશીલ શાળાનાં વિદ્યાર્થીઓ ઝળકી ઉઠયા

## પંચશીલ શાળાનાં વિદ્યાર્થીઓએ ૧૩ ગોલ્ડ મેડલ અને ૧૨ સિલ્વર મેડલ મેળવી ગૌરવ વધાર્યુ

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાનાં કરીયાણા ગામે સત્યમ શાળા ખાતે તાલુકા કક્ષાનો રમતોત્સવ યોજાયો હતો જેમાં તાલુકાની શાળાનાં વિદ્યાર્થીઓને ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

અહીં આયોજિત તાલુકા કક્ષાનાં રમતોત્સવમાં અંડર ૧૪ અંડર ૧૭ અને અંડર ૧૯ એમ જુદા જુદા વિભાગમાં અલગ અલગ ૧૭ જેટલી રમતોમાં વિદ્યાર્થી ભાઈઓ થતાં બહેનો દ્વારા ભાગા લેવામાં આવ્યો હતો. અહીં રમતોત્સવમાં બાબરા શહેરની પંચશીલ શાળાનાં વિદ્યાર્થીઓ ભાઈઓ – બહેનો દ્વારા અલગ અલગ રમતોમાં ઉત્તમ દેખાવ કરી ૧૩ ગોલ્ડ મેડલ તેમજ ૧૨ સિલ્વર મેડલ મેળવી બાબરા તાલુકામાં શ્રેઠ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા શાળાનાં મુખ્ય ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, મહેશભાઈ કોરાટ અને અરવિંદભાઈ ધોળકિયા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

# રાજકોટ : સદ્ભાવનાં વૃદ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે નિઃશુલ્ક પ્રવેશ અપાશે

અમરેલી, તા.૨૬

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુંટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવનાં વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.

આ વૃધ્ધાશ્રમમાં નાત–જાત કે ધર્મનાં ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતાં જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામૂલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જિંદગીની ટાઢક લઈ રહયા છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી – નિરાધાર હાલતમાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલું આવે તેવી કમનશીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરના), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવનાં વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં) ને પણ સદભાવનાં વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશૂલ્ક આશ્રય અપાઈ રહયો છે.




યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ જોવા મળે તો તેમને સદભાવનાં વૃધ્ધાશ્રમ, રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર કરાઈ છે. આ અંગે વધુ માહિતી માટે સદભાવનાં વૃદ્ધાશ્રમ (મો.૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## યમરાજનાં પાડાની યાદ અપાવતાં ખૂંટિયાથી સૌ ફફડે છે

# સાવરકુંડલા સહિત અનેક શહેરોમાં ખૂંટિયાથી ફફડાટ

છેલ્લા ઘણા વર્ષોથી ખૂંટિયાઓનો ત્રાસ સતત વધતો હોય છતાં પણ તંત્રને કોઈ ચિંતા જોવા મળતી નથી

અવારનવાર અકસ્માતની ઘટના બને અને અમુક કિસ્સામાં નિર્દોષ વ્યકિતઓ મોતને પણ ભેટતા જોવા મળે છે

ચંદ્ર પર સફળતાપૂર્વકનું ઉતારણ કરાવનાર આજની ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખૂંટિયાની સમસ્યા દૂર થતી નથી

દરેક તાલુકા મથકોએ પશુ હોસ્ટેલ બનાવીને રખડતા તમામ પશુઓની જાળવણી કરી શકાય તેમ છે



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૨૬

આ પ્રશ્ન ફકત એક જ ગામ સાવરકુંડલા કે શહેર કે સિટી પુરતોજ સિમિત નથી. આખાયે ગુજરાતનો પ્રાણ પ્રશ્ન બની ગયો છે. અને દિવસે ને દિવસે આ સમસ્યા વિકરાળ સ્વરૂપ લઈ રહી છે.

એકાદ અંદાજ મૂજબ માત્ર સાવરકુંડલા શહેરમાં જ ૩૦૦ જેટલા ખૂંટિયા ચોતરફ મોતનાં સૌદાગર બની રખડી રહ્યાં છે. આપણાં પુરાણો પ્રમાણે યમરાજનું વાહન 'પાડો' કહેવાય છે, પરંતુ આ કળિયુગમાં આ યુકિત ખોટી પડતી હોય તેવું લાગે છે. કારણકે અહીં તો મોત 'પાડા' ઉપર નહી પણ ખૂંટિયા ઉપર બેસીને ઘુમે છે.

એકપણ દિવસ એવો ખાલી નહી હોય કે કોઈ બાળક, વૃદ્ધ કે બહેનોને શિંગડે ચડાવ્યા ન હોય. અરે કંઈ કેટલાયને ગંભીર ઈજાઓ પહોચાડયાનાં દાખલાઓ પણ છે. કંઈક વૃદ્ધોના થાપાના ગોળા ફ્રેકચર થયાનાં બનાવો પણ બન્યા છે. જવાબદાર અધિકારીઓ જાણે આ સમસ્યા નજર અંદાજ કરતા હોય તેવું સ્પષ્ટ નજરે પડે છે. માની લઈએ કે રખડત્તી રેઢિયાળ ગાયો પકડવામાં તો કદાચ મતોનું રાજકારણ નડતું હોય પરંતુ આ આખલાઓનાં કયાં કોઈ માલીક કે કબજેદાર હોય તેને તો પકડીને આ સમસ્યાને હળવી તો બનાવો..!! અથવા તો ગૌશાળા ની જેમ 'નંદીઘર' બનાવો. સરકાર બનાવે અથવા સમાજસેવી સંસ્થાઓ બનાવે અને સરકાર ગ્રાન્ટ ફાળવે. આ સમસ્યા છેલ્લા થોડા વર્ષોમાં જ વકરી ગઈ છે તેની પાછળનાં મુખ્ય બે કારણ જવાબદાર છે, એક તો ગૌવંશ વધ ઉપર હિન્દુ સંસ્થાઓની જબરદસ્ત જાગૃત્તિને કારણે નાના નાના વાછરડાઓની કતલ અટકી ગઈ, નહીતર પશુ પાલક પોતાને ત્યાં વાછડો જન્મે કે તરત જ વેચી નાંખે અને તે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નૌશાદભાઈ અને બાદલભાઈ વચ્ચે મનદુઃખ

# બગસરાનાં નટવરનગરમાં ધાર્મિક સ્થાનનાં પ્રમુખ બનવા બાબતે સામસામે મારામારી

### પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૬

બગસરા ગામે રહેતા બાદલભાઈ હસનભાઈ સૈયદ નામના ૪૬ વર્ષિય ડ્રાઈવરનાં બનેવી મહેબુબભાઈ નાગોરી બગસરાનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## શૈક્ષણિક અને તબીબીની કર્મચારીઓની સૈંકડો જગ્યા ખાલી

# અમરેલી જિલ્લામાં સરકારી શાળાઓ અને સરકારી દવાખાનાઓની હાલત દિનપ્રતિદિન દયનીય બની રહી છે

### ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને શિક્ષણ અને આરોગ્યની સુવિધા યોગ્ય રીતે મળતી નથી

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લો એ આઝાદીનાં સમય પહેલાના કાળમાં ગાયકવાડ સ્ટેટના તાબે હોય તે સમયથી એટલે કે ૧૦૦–૨૦૦ વર્ષથી જિલ્લાનું શિક્ષણ સર્વશ્રેષ્ઠ માનવામાં આવતુ હતુ. ગાયકવાડ પણ ફરજિયાત શિક્ષણના આગ્રહી હતા. બાદમાં આઝાદી મળતા અમરેલીના પનોતાપુત્ર ડો. જીવરાજ મહેતા પણ શિક્ષણના આગ્રહી હતા.

આઝાદી પહેલા અને બાદમાં પણ જિલ્લાના ભગભગ દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિકથી લઈને માધ્યમિક કક્ષાની શાળાઓ અને શહેરોમાં દાતાઓના સહયોગથી શૈક્ષણિક સંસ્થાઓની હારમાળા સર્જાઇ હતી અને તમામ શૈક્ષણિક સંસ્થાઓ ગ્રાન્ટેડ હતી.

શહેરના આજના પ્રતિષ્ઠિત ડોકરટ, એડવોકેટ કે ઇજનેર જે વયોવૃધ્ધ થયા છે. તેઓએ સરકારી શાળામાં અભ્યાસ કરીને જ સફળતા મેળવી છે અને આજે અમરેલીની કે.કે. પારેખ વિદ્યાલય, ફોરવર્ડ હાઈસ્કૂલ, જીજીબેન હાઈસ્કૂલ કે કમાણી સાયન્સ કોલેજ, કે.કે. પારેખ કોમર્સ કોલેજ સહીત જિલ્લાભરની શાળા કોલેજમાં શિક્ષકો, પ્રાધ્યાપકોની જગ્યા ખાલી હોવાથી શિક્ષણનું સ્તર દિન પ્રતિદિન કથળી રહયું છે.

તદ્ ઉપરાંત, આરોગ્ય ક્ષેત્રે પણ ગંભીર સ્થિતી જોવા મળતી હોય જિલ્લાના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને નિઃશુલ્ક શિક્ષણ કે આરોગ્ય સુવિધા મેળવવી મુશ્કેલ બની રહી છે.

## કોળી સમાજનાં સામાજિક કાર્યોને હંમેશા વાચા આપતા

# ''અમરેલી એક્સપ્રેસ''દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલને જન્મદિનની શુભેચ્છા પાઠવતાં કોળી સમાજનાં આગેવાનો

### રમેશભાઈ ગોહિલ, રવજીભાઈ મકવાણા સહિત જોડાયા

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનક ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકે જિલ્લાનાં દરેક સમાજનાં હ્રદયમાં સ્થાન મેળવ્યું છે. જે અંતર્ગત દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલનાં જન્મદિન નિમિત્તે દરેક સમાજમાંથી શુભેચ્છાઓ મળી રહી છે.

દરમિયાનમાં આજે અમરેલી જિલ્લા કોળી સમાજનાં પ્રમુખ રમેશભાઈ ગોહિલ, તાલુકા કોળી સમાજનાં પ્રમુખ રવજીભાઈ મકવાણા, અમરેલી શહેર કોળી સમાજનાં પ્રમુખ ભીખુભાઈ મકવાણા, કોળી સમાજનાં



અગ્રણી રમેરભાઈ મકવાણા અને સુમન સેવા ટ્રસ્ટનાં રતનબેન બલદાણીયા (આહીર સમાજનાં મહિલા અગ્રણી)એ શુભેચ્છા પાઠવી હતી.


ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ : મો.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો.

આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
મેડિકલ ઓફીસર
RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી.
મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯ / ૦૨૭૯૨ - ૨૨૩૩૧૬

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જેની પાસે ધૈર્ય છે અને જે મેહનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*






મફત વિમો ૧ વર્ષ માટે
CASH BACK UP TO 22.5%
Combo Offers
તાત્કાલિક DELIVERY
REFER OFFER
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)